


અમરેલી, ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૧૦
તા.૨૨-૦૧-૨૦૨૪ સોમવાર

# અવધ ટાઇમ્સ

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,




તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ પોષ સુદ ૧૨ વર્ષ : ૨૮ અંક ડીઝીટલ-૧

### મર્યાદા પુરૂષોતમ શ્રી રામપ્રભુના પ્રતિષ્ઠા મહોત્સવની અભુતપુર્વ ઉજવણીનો પ્રારંભ : શ્રી રામનો અભિષેક થશે

# અવધ ઘેર આનંદ ભયો... આજે શ્રી રામનો અભિષેક

## અભૂતપૂર્વ સુરક્ષા બંદોબસ્ત ગોઠવાયો : દરેક જગ્યા હવે સીસીટીવી કેમેરાની નજર હેઠળ છે અને ૧૩,૦૦૦થી વધારે જવાનો ગોઠવવામાં આવ્યા છે

## રામલલ્લાના જીવન અભિષેક વિધિના પાંચમા દિવસે સ્થાવર મૂર્તિને દવાઓવાળા ૮૧ ઘડાઓમાંથી પાણીથી અભિષેક કરવામાં આવ્યો : સર્વત્ર રામનો જયઘોષ



(સંપૂર્ણસમાચારસેવા)

અયોધ્યા, તા.૨૧

સોમવારે અયોધ્યામાં રામ મંદિરમાં શ્રીરામનો અભિષેક થવાનો છે, ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને જબરદસ્ત ઉત્સાહ છે, અને માહોલ પણ બન્યો છે. આ પહેલા આજે ૨૧મી જાન્યુઆરીએ કેટલાક ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. પ્રાણપ્રતિષ્ઠાના એક દિવસ પૂર્વે રવિવારે નિત્યપૂજા, હવન, પારાયણ, સવારે માધ્વાધિવાસ, ૧૧૪ કલશના વિવિધ ઔષધીય જળથી મૂર્તિનું સ્નાન, મહાપૂજા, ઉત્સવની મૂર્તિની પ્રસાદ પરિક્રમા, શૈય્યાધિવાસ તત્વન્યાસ, મહાન્યાસદી, શાંતિ-પૂજા, શાસ્ત્રોક્ત વિધિ. અઘોર-વ્યહર્તિહોમ, રાત્રે જાગરણ જેવા અનુષ્ઠાનની વિધિ યોજાઈ હતી. અયોધ્યામાં રામ મંદિરની પ્રાણપ્રતિષ્ઠાનો દિવસ નજીક આવી ગયો છે. આવતીકાલે બપોરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં રામ મંદિરમાં ભગવાન રામ લલાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવશે. બપોરે ૧૨.૨૦ વાગ્યે મંત્રોચ્ચાર વચ્ચે પ્રાણપ્રતિષ્ઠા શરૂ થશે અને ૧ વાગ્યા સુધીમાં પૂરી થશે. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી લગભગ ૭૦૦૦ લોકોને સંબોધન કરશે. તેમાં જાણીતા મંદિરો અને મઠોના વડાઓ ઉપસ્થિત રહે તેવી શક્યતા છે. ટીવી પર પણ આ કાર્યક્રમનું લાઈવ પ્રસારણ કરવામાં આવશે જેને કરોડો લોકો જુએ તેવી શક્યતા છે. આ સમારોહને ઓનલાઈન પણ રિલે કરવામાં આવશે. કેન્દ્ર સરકારે આવતીકાલે અડધા દિવસની રજાની જાહેરાત કરી છે. આ ઉપરાંત ભાજપ શાસિત રાજ્યોમાં રાજ્ય સરકારે પણ રજા જાહેર કરી છે.

રામ મંદિરમાં ૫૧ ઈંચની રામ લલાની મૂર્તિ ગોઠવવામાં આવી છે જેનું નિર્માણ મૈસુરના અરુણ યોગીરાજ નામના કલાકારે કર્યું છે. શુક્રવારે તે મૂર્તિની સૌપ્રથમ તસવીરો જાહેર કરવામાં આવી હતી. આવતીકાલે પ્રાણપ્રતિષ્ઠા થઈ જાય ત્યાર બાદ ૨૩ જાન્યુઆરીથી સામાન્ય લોકો માટે મંદિરના દ્વાર ખુલી જશે.

શનિવારે, રામલલ્લાના જીવન અભિષેક વિધિના પાંચમા દિવસે સ્થાવર મૂર્તિને દવાઓવાળા ૮૧ ઘડાઓમાંથી પાણીથી અભિષેક કરવામાં આવ્યો હતો. નવા રામ મંદિરની વાસ્તુ શાંતિ પણ થઈ. અગાઉ નિવાસસ્થાને આવેલી રામલલાની ચાંદીની મૂર્તિને સવારે વેદ મંત્રોચ્ચાર દ્વારા જગાડવામાં આવી હતી. ત્યારબાદ પૂજા કર્યા બાદ તેઓને પાલખીમાં યજ્ઞમંડપની આસપાસ લઈ જવામાં આવ્યા હતા. આ દરમિયાન સમગ્ર મંદિર વેદ મંત્રોથી ગુંજી રહ્યું હતું.

મુખ્ય યજમાન સહિત સેંકડો વૈદિક આચાર્યો અને સંકુલમાં ઉપસ્થિત ભક્તોએ પાલખી શોભાયાત્રામાં ભાગ લીધો હતો. આ દરમિયાન વિવિધ સ્થળોએ રામલલા પર પુષ્પોની વર્ષા કરવામાં આવી હતી. આ પછી, તેમને ફરીથી ખાંડ, ફળો, અનાજ અને ફૂલોમાં મૂકીને વસવાટની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી. સાંજે, રાબેતા મુજબ, મંડપમાં તમામ દેવતાઓ માટે 'હોમ-હવન' કરવામાં આવ્યું હતું. ભગવાન રામ માટે ૧૧ હજાર મંત્રોનો જાપ પણ કરવામાં આવ્યો હતો. વેદના દ્વારપાલોએ વેદનો પાઠ કર્યો. ટ્રસ્ટ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે બેઠેલા રામલલા હજુ પણ અસ્થાયી મંદિરમાં છે. મુખ્ય યજમાન ડૉ.અનિલ મિશ્રા ઉપરાંત વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકારી પ્રમુખ આલોક કુમાર પણ શનિવારે યોજાયેલી વિધિમાં યજમાન તરીકે હાજર રહ્યા હતા. પૂજા દરમિયાન જ રામલલ્લાના નવા મહેલ એટલે કે મહેલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

### શ્રી નરેન્દ્ર મોદીએ પુજા કરી

## રામસેતુના નિર્માણની જગ્યાએ પહોંચ્યા પ્રધાનમંત્રી શ્રી મોદી

### પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ધનુષકોડી પાસે અરિચલ મુનાઇ પોઇન્ટ પહોંચ્યા : સમુદ્ર કિનારે જળ ચડાવ્યું : પુજા કરી

ચેન્નાઈ, તા.૨૧

આખો દેશ આ દિવસોમાં રામમય છે. ચારે બાજુ ભક્તિનો માહોલ છે. સાથે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ભગવાન રામની ભક્તિમાં તલ્લીન છે. પીએમ મોદી તામિલનાડુના બે દિવસીય પ્રવાસે છે. રવિવાર તેમના પ્રવાસનો છેલ્લો દિવસ છે.

આ દરમિયાન પીએમ મોદી ધનુષકોડી પાસે અરિચલ મુનાઈ પોઈન્ટ પહોંચ્યા હતા.ઁસ્એ આ સ્થળની મુલાકાત લીધી હતી. અરિચલ મુનાઈ પોઈન્ટ એ સ્થળ છે જ્યાંથી રામ સેતુનું નિર્માણ કરવામાં આવ્યું હતું.પીએમ મોદીની અરિચલ મુનાઈ પોઈન્ટની મુલાકાતની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવી છે. તસવીરોમાં વડાપ્રધાન સમુદ્ર કિનારે કસરત કરતા જોવા મળે છે, આ સાથે તેમણે સ્થળ પર સલામી પણ આપી હતી. પીએમએ સમુદ્ર કિનારે જળ ચઢાવ્યું અને પૂજા પણ કરી હતી. આ એ જ જગ્યા છે જ્યાં ભગવાન રામે રાવણને હરાવવા માટે શપથ લીધા હતા. ધનુષકોડીની પવિત્ર ધરતીમાંથી જ ભગવાન રામ લંકા ગયા હતા.

આ સ્થાન ભારતની કોઈપણ પડકારને પહોંચી વળવાની ક્ષમતાનું પ્રતિક છે. ધનુષકોડી વિશે એવું કહેવાય છે કે આ સ્થાન પર જ વિભીષણ સૌપ્રથમ ભગવાન રામને મળ્યા હતા અને તેમની પાસે શરણ માંગ્યું હતું.






## મહાકવિ કાલિદાસ લખે છે કે સૂર્યવંશી ક્ષત્રિયોના સંસ્કાર અને ચરિત્ર જન્મથી લઈને અંત સુધી શુદ્ધ રહે છે

# રામમંદિર માટે ૪૯૬ વર્ષના બલીદાનની ઝાંખી

**બાબરથી માંડીને અકબર સુધીમાં શ્રી રામ જન્મભૂમિ માટે ૨૦ હુમલાઓ થઈ ચૂક્યા હતા ત્યારે અકબરે હિન્દુઓને એક રામ ચબુતરો બાંધવાની છૂટ આપી ત્યાં પૂજા પાઠ કરતાં કોઈને અટકાવવા નહીં એવો હુકમ કરેલો ઔરંગઝેબના સમયમાં રામ જન્મભૂમિ માટે 30 આક્રમણો અયોધ્યા ઉપર થયેલા જેમાં ૯૦ હજાર હિન્દુઓ માર્યા ગયા હતા**



## જ્યારે મીરબાંકીએ રામ મંદિર તોડી મસ્જિદ બાંધી એ તરત જ હટાવવા ચોથો ઈ.સ.૧૫૨૯માં પ્રયત્ન તરત જ હસવારના રાજા રણવિજયસિંહના રાણી જયરાજકુમારીએ ઈ.સ.૧૫૨૯માં કરેલો, જે વીરાંગના જયરાજકુમારીએ પતિના મૃત્યુ બાદ પ્રતિજ્ઞા લીધેલ કે મારા પતિના અધૂરા કાર્યને પૂરી કરીશ ત્યારે તેણે 3,000 સ્ત્રીઓની સેના બનાવી. બાબરી મસ્જિદ પર હુમલો કરેલો અને ગેરીલા યુદ્ધ કર્યું પણ તે બાબરની વિશાળ સેના સામે સફળ ન થઈ પણ એક સ્ત્રીની હિંમત અને બહાદુરીને સરનામસિંહ સૂર્યવંશીએ ઇતિહાસમાં બિરદાવી

જ્યારે ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ ભગવાન શ્રી રામના મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને સમગ્ર દેશ ઉજવી રહ્યો છે, ત્યારે અયોધ્યા અને ભગવાન રામ અને રામમંદિરનો ઈતિહાસ આપની નજરે મૂકવો છે. ક્ષત્રિયોના ૩૬ રાજવંશોમાં સૌથી પ્રથમ નામ સૂર્યવંશનું લેવામાં આવે છે. સૂર્યવંશનું વર્ણન ભાગવત, પુરાણોમાં બ્રહ્મપુરાણ અગ્નિપુરાણ, હરિવંશપુરાણ, વિષ્ણુપુરાણ અને રઘુવંશ વગેરે વગેરેમાં મળે છે. મહાકવિ કાલિદાસ લખે છે કે સૂર્યવંશી ક્ષત્રિયોના સંસ્કાર અને ચરિત્ર જન્મથી લઈને અંત સુધી શુદ્ધ રહે છે અને તેઓ આરંભ કરેલા કાર્યો પૂરા કરીને જ જંપે છે. અયોધ્યાનગરીની સ્થાપના મનુદ્વારા કરવામાં આવી હતી. જ્યારે શ્રી રામચંદ્ર ભગવાન પછી અયોધ્યા ઉજડડ બની ગઈ ત્યારે બીજી વાર અયોધ્યાને રામના પુત્રે કુશે વસાવ્યું હતું.

સૂર્યવંશના અયોધ્યાના શાસકોની છટ્ઠી પેઢીમાં રાજા પૃથુ થયેલ જેણે ઉબડખાબડ ધરતીને સમતોલ કરાવી ખેતીલાયક બનાવી તેથી તેના નામ ઉપરથી આ ધરતીનું પૃથ્વી નામ પડ્યું હતું. આ વંશના ૩૨મી પેઢીના ત્રિશંકુના પુત્ર સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર થયા. સૂર્યવંશની ૪૦મી પેઢીએ રાજા સગર થયા જેને ૧૦૦ અશ્વમેઘ યજ્ઞ કરેલા. સૂર્યવંશની ૪૪ની પેઢીએ ભગીરથ થયા. જેણે ગંગાજીને સ્વર્ગમાંથી પૃથ્વી પર લાવેલ અને પોતાના ૬૦.૦૦૦ પૂર્વજોનો ઉદ્ધાર કર્યો હતો. સૂર્યવંશના ૬૧મી પેઢીમાં રાજા રઘુ થયેલ જેમના નામ ઉપરથી અયોધ્યાના રાજા રઘુવંશી કે રઘુકુળ તરીકે ઓળખાયા. ૬૨મી પેઢીએ અજ અને ૬૩મી પેઢીએ રાજા દશરથ અને ૬૪મી પેઢીએ ભગવાન રામ થયા હતા. રઘુવંશની વંશાવળીમાં લેખકો મુજબ થોડો ફેરફાર હોય છે. અયોધ્યાના અંતિમ રાજા જ્ઞાત રાજા સુમિત્ર થયા જે ૧૨૫મી પેઢી એ હતાં અયોધ્યા નામ સંસ્કૃત શબ્દ યુદ્ધ પરથી પડેલ છે જેનો અર્થ એવો થતો કે જ્યાં યુદ્ધ થઈ ન થઈ શકે અને ત્યાં યુદ્ધ ન થાય.

પરંતુ કરુણતા એ હતી કે એજ અયોધ્યામાં હજારો લાખો લોકોએ યુદ્ધ કરી લોહી રેડવું પડ્યું.

ઈ.સ.૧૫૨૮માં બાબરના સિપેહસાલાર યા સેનાપતિ મીરબાંકીએ રામ જન્મભૂમિ મંદિર તોડીપાડી ત્યાં કાટમાળમાંથી મસ્જિદ ઉભી કરેલ જે બાબરી મસ્જિદ તરીકે ઓળખાતી હતી. પ્રથમ જે રામ મંદિર હતું તે રામના પુત્ર કુશે બંધાવેલ જેનો ઉજજૈનના રાજા વિક્રમાદિત્યએ જીર્ણોદ્ધાર કરાવેલ હતો. જે મંદિર બારમી સદીમાં જર્જરીત થતા કનોજના ગહડવાલ રાજા ગોવિંદચંદ્રએ ત્યાં નવું મંદિર બંધાવેલ અને તેનો શિલાલેખ મૂકાવ્યો હતો. જે મંદિર બાબરે તોડેલ ત્યાં હાઈકોર્ટે ઈ.સ. ૨૦૦૩માં ભારતીય પુરાતત્વખાતા દ્વારા ૯૦ ઠેકાણે ખાડા ખોદાવી તપાસ કરાવતા ત્યાં ૧૨ મી સદીમાં મંદિર હોવાના સજડડ પુરાવા મળ્યા હતા. જ્યારે મીરબાંકી મંદિર તોડવા આવેલ ત્યારે પૂજારીએ રામલલાની મૂર્તિ સરયુ નદીમાં છુપાવી દીધી તેથી રામલ્લાની મૂર્તિઓ ત્યાં જળવાઈ ગઈ, જે મૂર્તિને પછીથી ઈ.સ.૧૭૪૮માં એક નવા મંદિરમાં સ્થાપિત કરેલ જે કાલેરામ નામથી જાણીતું થયેલ.

જ્યારે મીરબાંકી મંદિર તોડી મસ્જિદ બનાવતો તો તરત જ ઢાંચો તૂટી પડતો હતો,તેથી કોઈએ કહ્યું કે મિનારા ન કરો પછી મિનારા ન કરતા એ ટક્યું એવી કથા મળે છે. આથી બાબરી મસ્જિદમાં કોઈ મિનારા નહોતા .કોઈ મસ્જિદમાં પરિક્રમા પથ ન હોય પરંતુ બાબરી મસ્જિદમાં પરિક્રમા પથ પણ રાખવો પડેલ. બાબરના સમયથી માંડીએ ઈ.સ.૧૯૯૨ સુધીમાં રામ જન્મભૂમિ માટે કુલ ૮૧ જેટલા સંઘર્ષો થયા જેમાં લાખો હિન્દુએ પ્રાણ આપેલા તેના આ તમામ બલિદાનોના ફળ સ્વરૂપે ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હાથે મંદિરમાં રામલલાની મૂર્તિ પ્રતિષ્ઠિત કરવામાં આવશે એ ધન્યઘડીનો અવસર છે.

જ્યારે મીરબાંકીએ રામ મંદિર તોડી મસ્જિદ બાંધી એ તરત જ હટાવવા ચોથો ઈ.સ.૧૫૨૯માં પ્રયત્ન તરત જ હસવારના રાજા રણવિજયસિંહના રાણી જયરાજકુમારીએ ઈ.સ.૧૫૨૯માં કરેલો, જે વીરાંગના જયરાજકુમારીએ પતિના મૃત્યુ બાદ પ્રતિજ્ઞા લીધેલ કે મારા પતિના અધૂરા કાર્યને પૂરી કરીશ ત્યારે તેણે ૩,૦૦૦ સ્ત્રીઓની સેના બનાવી. બાબરી મસ્જિદ પર હુમલો કરેલો અને ગેરીલા યુદ્ધ કર્યું પણ તે બાબરની વિશાળ સેના સામે સફળ ન થઈ પણ એક સ્ત્રીની હિંમત અને બહાદુરીને સરનામસિંહ સૂર્યવંશીએ ઈતિહાસમાં બિરદાવી હતી.

રાણી જયરાજકુમારીએ બાબરના મૃત્યુ બાદ પણ દશ વાર બાબરી મસ્જિદ પર હુમલા ગુરુ સ્વામી મહેશ્વરાનંદ સાથે રહીને કર્યા, જેમાં રાણી જયરાજકુમારી અને તેમના ગુરુ મહેશ્વરાનંદ વીરગતિને પામ્યા હતા. બાબરથી માંડીને અકબર સુધીમાં શ્રી રામ જન્મભૂમિ માટે ૨૦ હુમલાઓ થઈ ચૂક્યા હતા ત્યારે અકબરે હિન્દુઓને એક રામ ચબુતરો બાંધવાની છૂટ આપી ત્યાં પૂજા પાઠ કરતાં કોઈને અટકાવવા નહીં એવો હુકમ કરેલો ઔરંગઝેબના સમયમાં રામ જન્મભૂમિ માટે ૩૦ આક્રમણો અયોધ્યા ઉપર થયેલા જેમાં ૯૦ હજાર હિન્દુઓ માર્યા ગયા હતા. ઈ.સ.૧૮૫૭માં બહાદુરશાહઝફરના સમયમાં તે બાબરી મસ્જિદ સોંપી દેવા તૈયાર હતો પણ બ્રિટીશરો આ પ્રશ્ન સળગતો રાખવા માંગતા હતા તેથી સમાધાન ન થયું.

રામ જન્મભૂમિ મંદિરને ફરીવાર બાંધવા માટે જે સંઘર્ષ સતત ૪૯૬ વર્ષ સુધી થતો રહ્યો. જેમાં ઈ.સ.૧૯૯૦ની કારસેવામાં કેટલાક કારસેવકો વીરગતિને પામેલા જેમાં રામકુમાર કોઠારી અને શરદકુમાર કોઠારી બંધુએ વીરગતિ પ્રાપ્ત કરેલ. વીરગતિ પ્રાપ્ત કરનાર માં ગુજરાતના નિલેશ રજનીકાંત દુબે પણ સામેલ હતા. ૬ ડિસેમ્બર ૧૯૯૨ની કારસેવામાં ૨,૦૦,૦૦૦ જેટલા કારસેવકો જોડાયેલા જેમાં ગુજરાતના ૪,૦૦૦થી વધુ કારસેવકો જોડાયા હતા. આઝાદી બાદ સહુને એમ હતું કે હવે ભગવાન રામલલાની સ્થાપના સોમનાથના મંદિર જેમ કરી શકાશે પરંતુ તે શક્ય ન બન્યુ અને ઉલટાના ભગવાન શ્રી રામને ઈ.સ.૧૯૪૯માં એ વિવાદિત ઢાંચામાં બંધ કરી દેવામાં આવ્યા.

પરંતુ તેમાં પૂજાપાઠ ચાલુ પૂજારી દ્વારા રાખવામાં આવ્યા હતા. ઈ.સ.૧૯૮૬માં સરકારે રામ મંદિરના તાળા ખોલાવ્યા હતા. ૯ નવેમ્બર ૨૦૧૯ના રોજ શ્રી રામ જન્મભૂમિનો પાંચ જજની બેંચે ફેસલો આપ્યો અને ૨.૨૭ એકર વિવાદિત ભૂમિ હિન્દુઓને મળી. પછી ૫ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ રામ મંદિરનું ભૂમિ પૂજન કરવામાં આવ્યું અને ટૂંકા ગાળામાં આ ભવ્યાતી ભવ્ય મંદિર તૈયાર થઈને આજે દેશના કરોડો રામ ભક્તોના દર્શન માટે હવેથી ખુલ્લું મૂકવામાં આવનાર છે.

નાગર શૈલીના અષ્ટકોણીય ત્રણ માળના આ મંદિરમાં ૩૯૨ સ્તંભ અને ૪૪ દરવાજા છે. મંદિર ૩૬૦ ફૂટ લંબાઈ અને ૨૩૫ ફૂટ પહોળાઈ અને ૧૬૧ ફૂટની ઉંચાઈ ધરાવે છે. મંદિરમાં ક્યાંય લોખંડનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. મંદિરનું એક હજાર વર્ષનું આયુષ્ય ગણવામાં આવેલ છે. રાજસ્થાનના બંસી પહાડપુરથી લાવવામાં આવેલ પથ્થર મકરાણા માર્બલ, ગ્રેનાઈટ માર્બલ, પરકોટા માર્બલ અને પિંક સ્ટોનનો મંદિરમાં ઉપયોગ કરવામાં આવેલ છે. મંદિર બાંધકામનો અંદાજીત ખર્ચ રૂપિયા ૧૪૦૦ થી ૧૮૦૦ કરોડ ગણવામાં આવ્યો છે.

ભગવાન શ્રી રામના જન્મભૂમિના સ્થળે જે ભવ્યાતિ ભવ્ય મંદિર બંધાઈ ગયું અને તેમનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ જ્યારે ૨૨મી જાન્યુઆરીએ ઉજવવામાં આવનાર છે એ શકવર્તી ઘટનાને સનાતન ધર્મીઓની વીરતા, ભક્તિ અને ખુશી અને ઉત્સાહનું ફળ ગણાવી શકાય. રામ મંદિરના સ્થપતિ શ્રી ચંદ્રકાંત બળવંતરાય સોમપુરા ગુજરાતના છે જેમના દાદા પ્રભાશંકર સોમપુરાએ સોમનાથ મંદિર બાંધ્યું હતું.

હિન્દુઓએ રામ મંદિર બાંધવા માટે ૪૯૬ વર્ષ સતત સંઘર્ષ કર્યો અને બાબરી મસ્જિદ ૬ ડિસેંબર ૧૯૯૨ના રોજ તોડી પાડી અને આજ ૩૨ વર્ષે આ મંદિર બાંધ્યું અને રામલલાની મૂર્તિ પ્રતિષ્ઠા વારાણસીના પંડિત શ્રી લક્ષ્મીકાંત દીક્ષિત મુખ્યવિધિ કરાવશે. આ મંદિર માટે ત્રણ શિલ્પકારો પાસે મૂતિઓ બનાવવામાં આવેલ જેમાંથી મૈસુરના શિલ્પી અરુણ યોગીરાજની બાળ સ્વરૂપ રામની ભવ્ય ધામધૂમથી પ્રાણ પ્રતિષ્ઠા થઈ રહી છે. આ ઘટના હિન્દુ શક્તિ અને ધર્મ જાગરણનું પરિણામ ગણાવી શકાય. આ અવસરે સૂર્યવંશી ક્ષત્રિય તરીકે આકાશભરીને મારી શુભેચ્છા અને પૂર્ણ પુરુષોતમ ભગવાન શ્રીરામના ચરણોમાં વંદન.

-ડો.પ્રદ્યુમ્ન ખાચર
અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, ડો. સુભાષ મહિલા કોલેજ -જૂનાગઢ

**ઈ.સ.૧૮૫૭માં બહાદુરશાહઝફરના સમયમાં તે બાબરી મસ્જિદ સોંપી દેવા તૈયાર હતો પણ બ્રિટીશરો આ પ્રશ્ન સળગતો રાખવા માંગતા હતા તેથી સમાધાન ન થયું**

### અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાને કારણે એકમાત્ર નારાયણદાસ સાહેબને નિમંત્રણ મળતા

# સાવરકુંડલામાં શોભાયાત્રા યોજી અયોધ્યા જવા વિદાય આપી

**શ્રી નારાયણદાસ સાહેબને વિદાય સાથે લોકોએ પોતાની શ્રધ્ધા વ્યક્ત કરી: સંતોની ઉપસ્થિતિ**



સાવરકુંડલા, તારીખ ૨૨ ના સોમવારના રોજ અયોધ્યા ખાતે મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામના નુતન મંદિર નો ઐતહાસિક પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાવા જઈ રહ્યો છે ત્યારે સમગ્ર ભારત ના હિન્દુ સમાજમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ને લઈને આગવા ઉત્સાહનો માહોલ છવાયો છે અને સહુ કોઈ ઐતહાસિક પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ની રળિયામણી ઘડીની રાહ જોઈ રહ્યા છે ત્યારે આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સાવરકુંડલા શહેર અને પંથકમાંથી એકમાત્ર નારણદાસ સાહેબને જ આમંત્રણ મળ્યું છે. સમગ્ર દેશ માથી માત્ર ચાર હજાર જ સંતો મહંતો ને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે જેમાં સાવરકુંડલા ના કબીર ટેકરી ના મહંત શ્રી નારણદાસ સાહેબ નો સમાવેશ થતા સમગ્ર સાવરકુંડલા વાસીઓ વતી કબીર ટેકરીના મહંત પૂજ્ય શ્રી નારાયણદાસ સાહેબ આજે તારીખ ૧૮ના અયોધ્યા જવા રવાના થઈ રહ્યા છે ત્યારે સમગ્ર પંથકના ભાવિકજનો દ્વારા પૂજ્ય નારણદાસ સાહેબને આજે સવારે સાવરકુંડલાના હૃદયમાં સમા મણીભાઈ ચોક ખાતે થી ભવ્ય શોભા યાત્રા રૂપે નારણદાસ સાહેબને અયોધ્યા જવા પ્રસ્થાન કરાવ્યું હતું ત્યારે નારણદાસ સાહેબે પણ સમગ્ર શહેર અને પંથક વતી પ્રતિનિધિ તરીકે અયોધ્યા જઈ રહ્યા હોય ભગવાન શ્રીરામના ચરણોમાં સાવરકુંડલા શહેર અને તાલુકા ની સુખાકારી માટે ભગવાન શ્રીરામના ચરણોમાં પ્રાર્થના કરશે તેમ જણાવ્યું હતું. આ પ્રસંગે કુંડલપુર હનુમાનજી મંદિરના મહંત શ્રી કરશનગિરિ બાપૂ, બજરંગદાસ કન્યાછાત્રાલય ના ઘનશ્યામદાસબાપૂ, ભાવના સોસાયટી ના રહેવાસીઓ ઉપસ્થીત રહ્યા હતા.

**વાડી વેચવાની છે**
૩૬ વીઘાની મુ.પીપળવા (ગીર)
તા.ખાંભા, જી.અમરેલી
૯ વીઘા પણ મળશે
નીચેના નંબર પર સંપર્ક કરો
સંપર્ક : મો.૯૪૨૬૨ ૪૩૪૩૪

**ડો.વિભાબેન વેલાણી**
**ડો.રોમી વેલાણી M.B.B.S**
સ્ત્રિઓ અને બાળકોના ડોક્ટર
સરકારી દવાખાના સામે, બાબરા
નોંધ :- નિઃસંતાન દંપતી સારવાર માટે સજોડે આવે તથા જુના રીપોર્ટ સાથે લાવવા (રવીવારે રજા)
મો.૯૪૨૭૫ ૫૭૭૯૪

**શુભ પ્રસંગોમાં કેટરીંગ કામ કરી આપીશું**
દરરોજ બપોરે... અલગ અલગ સ્વીટ ■ ફરસાણ
■ 3 શાક ■ દાળ-ભાત ■ રોટલી ■ છાશ ■ પાપડ ■ સલાડ
દરરોજ સાંજે... 3 શાક ■ કઢી - ખીચડી
■ રોટલી - રોટલા ■ ભાખરી ■ છાશ ■ પાપડ ■ સલાડ
૧૯૬૮ થી આપની સેવામાં....
જય ખોડીયાર ડાઈનીંગ હોલ
શુધ્ધ કાઠીયાવાડી ભોજનનો રસથાળ
કિશોરભાઈ મો. ૯૯૯૮૪ ૩૯૫૫૦ રઘુવિરભાઈ મો. ૭૦૧૬૪ ૩૨૧૪૬
દુકાન નં. ૭/૮, પહેલો માળ, જુના માર્કેટયાર્ડના ગેઈટ પાસે, અમરેલી

**ડો. વિવેક પી. જોષી**
M.B.(સાયકીઆટ્રી)D.P.M.
MIPS,MIAPP
MOB.99099 41310
ડો. જોષી સાઈકીયાટ્રી કલીનીક
મગજ, માનસીક રોગ, જાતીય નબળાઈ તથા વ્યસન મુક્તીનાં નિષ્ણાંત
પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ,
અમરેલી ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૪ / મો.૯૭૩૭૦ ૨૮૧૮૧

હોલસેલ તથા રીટેઈલમાં ખરીદવા માટે
UltraTech CEMENT
The Engineer's Choice
સ્ટોકીસ્ટ
ચંદારાણા ડીસ્ટ્રીબ્યુટર્સ
માર્કેટીંગ યાર્ડ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૨ ૧૯૬૯૯

ઘર જેવું સ્વાદિષ્ટ જમવાનું અમરેલીમાં ફસ્ટનંબર જે તમને સ્વાદિષ્ટ અને સાત્વિક જમવાનું પીરસશે
**શ્રી ગણેશ ડાઈનીંગ હોલ : કેટર્સ**
સતાધાર કોમ્પલેક્ષ,નાના બસ સ્ટેન્ડ પાસે,અમરેલી
ફો.ઓ.૨૨૧૬૩૩,મો.૯૩૭૭૪ ૪૮૫૩૯

મહેશભાઈ રાચ્છા મો. ૯૪૨૯૫ ૩૯૨૪૧
કલ્પેશભાઈ રાચ્છા મો. ૯૪૨૯૫ ૩૯૨૪૨
મિઠાઈ તથા ફરસાણમાં સદાય નવીનતા આપવી એ અમારી પરંપરા
શ્રી ભગવતી સ્વીટ માર્ટ
જુની બજાર, જૈન દેરાસર પાસે, ટાવર રોડ,અમરેલી.
બ્રાન્ચઃ- સંઘવી ધર્મશાળા, દુકાન નં. ૨,કિષ્ના પેટ્રોલપંપની બાજુમાં, અમરેલી.

Coca-Cola
જીતુભાઈ પાથર
૯૮૯૮૦ ૫૨૯૭૭
૯૯૯૮૧ ૧૬૬૬૬
અર્જુન એજન્સીઝ
એડ્રેસ : - ભુતીયા, ચિત્તલ રોડ, અમરેલી.

**વાડી વેચવાની છે**
ઉતમ ખેતીલાયક જમીન એક જ શેઢે
૧૨ વીઘા, લાઇટ કનેકશન,
કુવો - ફુલ પાણી
ગામ : મોટી કુંકાવાવથી
ફક્ત એક જ કિમીના અંતરે
સંપર્ક : મો.૯૪૨૮૦ ૦૪૪૧૪

**મેટ્રો કન્સલટન્ટ**
(ટેકસ કન્સલટન્ટ)
વ્યાજબી પૈસા ઝડપી કામ
● એકાઉન્ટીંગ
● GST રીટર્ન
● I.T. રીટર્ન
સંપુર્ણ સેવા એક જ જગ્યાએ
માર્કેટયાર્ડ રોડ, હેડ પોસ્ટ ઓફીસની બાજુમાં,
હરભોલે પાનની ઉપર, પહેલા માળે, અમરેલી.
મો.૯૩૭૬૬ ૫૮૬૫૨, ૯૩૭૪૨ ૩૦૨૩૧ ફોન: (૦૨૭૯૨) ૨૩૦૨૩૧

**શેડ ભાડેથી જોઇએ છે**
૨૨૦૦ ફુટ ઉપર અમરેલીની આજુબાજુ
ઇન્ડસ્ટ્રીઅલ એરિયામાં લાઇટ પાણી
ની સુવિધાવાળો શેડ ભાડે જોઇએ છે
સંપુર્ણ વિગત સાથે વોટ્સએપ કરો
માપ, સાઇઝ, એરિયા, સુવિધા વિગેરે
સંપર્ક : મો.૭૦૪૬૬ ૫૮૪૫૦

અમરેલીનું ગૌરવ
હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

FASTag
Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

**ભાડે આપવાનો છે**
બગસરામાં SBI બેંક પાસે નવા બાંધકામવાળો હોલ ભાડે આપવાનો છે
બેંક, મંડળી, હોસ્પિટલ, ગેસ્ટહાઉસ, હોટલ તેમજ રેસ્ટોરન્ટ થઇ શકે તેવો હોલ ભાડે આપવાનો છે
હોલની જગ્યા સ્કવેર ફીટ માપ
ગ્રાઉન્ડ ફલોર - ૨૦૦૦ સ્કવેર ફીટ
ફર્સ્ટ ફલોર - ૩૩૫૦ સ્કવેર ફીટ
નોંધ : પાણી અને પાર્કિંગની સુવિધા સાથે
સંપર્ક : મો.૯૨૬૫૨ ૯૫૪૮૧

**મહાદેવ ટ્રાવેલ્સ**
ધારી, સાવરકુંડલા, અમરેલી થી મુંબઇ ડેઇલી સર્વિસ
AC 2x1 તેમજ નોન AC સર્વિસ ન્યુ બ્રાન્ડ બસ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ છે
અમરેલી : જુના માર્કેટયાર્ડની અંદર, લાપીનોઝ પીઝાની બાજુમાં
પિન્ટુ તળાવીયા : મો.૭૦૪૬૪ ૬૪૪૧૦

### તુલસીશ્યામ ખાતે ૧૨:૩૦ વાગ્યે વિશિષ્ટ પૂજા આરતી અને મહાપ્રસાદ નું આયોજન

# રાજુલા જાફરાબાદ આજે બંધ રહેશે

**બંને શહેરોમાં ભવ્ય રથયાત્રા મહાપ્રસાદ નું આયોજન : વિશ્વ હિન્દુ પરિષદ વેપારી સહિતના આગેવાનો દ્વારા રામજી મંદિરેથી ભવ્ય રથયાત્રા ૩:૩૦ વાગ્યે કાઢવામાં આવશે સાંજના મહાપ્રસાદનું આયોજન જલારામ મંદિરે કરવામાં આવ્યું : રાજુલા શહેરમાં ઠંડા પીણાના સ્ટોલ મૂકવામાં આવ્યા રાજુલા જાફરાબાદ તુલસીશ્યામમાં રામમય વાતાવરણ**

રાજુલા, (કનુભાઈ વરૂ) રાજુલા ખાતે વિશ્વ હિન્દુ પરિષદ વેપારી સહિતના આગેવાનો દ્વારા રામજી મંદિરેથી ભવ્ય રથયાત્રા ૩:૩૦ વાગ્યે કાઢવામાં આવશે અને ત્યારબાદ સાંજના મહાપ્રસાદ નું આયોજન જલારામ મંદિરે કરવામાં આવ્યું છે અને રાજુલા શહેરમાં ઠંડા પીણા ના સ્ટોલ મૂકવામાં આવ્યા છે જ્યારે જાફરાબાદ ખાતે પણ ચાર વાગ્યે ભવ્ય રથયાત્રા કાઢવામાં આવશે અને અને ઘી શોક અને ટાવર શો કે પણ મહાપ્રસાદ નું આયોજન રાત્રિના કરવામાં આવ્યું તેમજ તુલસીશ્યામ ખાતે ૧૨:૩૦ વાગ્યે વિશિષ્ટ પૂજા આરતી અને મહાપ્રસાદ નું આયોજન કરવામાં આવ્યું છે આમ રાજુલા જાફરાબાદ તુલસીશ્યામ વગેરેમાં રામમય વાતાવરણ બની ગયું રથયાત્રામાં વિશાળ સંખ્યામાં રાજુલા જાફરાબાદ તુલસીશ્યામ ખાતે ધાર્મિક જનતા ઉપડી પડશે રાજુલા ખાતેથી ચેમ્બરના પ્રમુખ ગૌરાંગ મહેતાએ જણાવ્યું છે જ્યારે જાફરાબાદ ખાતેથી ચેમ્બરના પ્રમુખ જયેશભાઈ ઠક્કરે જણાવ્યું છે તુલસીશ્યામ ખાતેથી ટ્રસ્ટ મંડળે જણાવ્યું છે

## કુંડલા શ્રી સ્વામિનારાયણ ગુરુકુળમાં 3000 દીવડાની શ્રીરામ શબ્દની અદભુત રચના કરાઇ



### વૃંદાવન બાગ રામપરા તરફથી જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું

## રાજુલાના રામપરા વૃંદાવન બાગમાં સુંદરકાંડ શોભાયાત્રા મહાઆરતી

રાજુલા,

રાજુલા તાલુકાના રામપરા ગામે વૃંદાવન બાગમાં તારીખ ૨૨ ના રોજ સવારે ૮:૦૦ કલાકે ભવ્ય સુંદરકાંડનું આયોજન કરેલ તેમજ ૯ થી ૧૧ ભવ્ય શોભાયાત્રા શ્રી રામની નીકળશે બપોરના ૧૨:૦૦ કલાકે ભવ્ય મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું છે ૧૨ અને ૩૦ મિનિટે ભવ્ય મહાપ્રસાદ રાખવામાં આવ્યો

આ ૨૨ તારીખના મુખ્ય દાતાઓ શ્રી સનાભાઈ વાઘ સરપંચ રામપરા શ્રી કાળુભાઈ વાઘ શ્રી જીવણભાઈ વાઘ શ્રી બાબુભાઈ વાઘ શ્રી સાદૂરભાઈ વાઘ શ્રી અરજણભાઈ વાઘ શ્રી બીજલભાઈ વાઘ મુખ્ય દાતાઓ સેવા કરી રહ્યા છે આ કાર્યક્રમનું આયોજન કરેલ અને નિમંત્રક શ્રી પરમ પૂજ્ય મહંત શ્રી રાજેન્દ્ર બાપુ ગુરુ લાલદાસ બાપુ અખિલ ભારતીય શ્રી પંચ નિર્મોહી અને અખાડા તથા સમસ્ત સેવક સમુદાય વૃંદાવન બાગ રામપરા તરફથી જાહેર નિમંત્રણ અને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે સેવક શ્રી જગ્યા ના દુલાભાઈ ની યાદીમાં જણાવ્યું છે

### અયોધ્યામાં શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને અનુલક્ષીને

## આજે ૨૨મી જાન્યુઆરીએ રાજ્યમાં સ્લોટર હાઉસ-કતલખાના બંધ રાખવા રાજ્ય સરકારનો અનુરોધ

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે મહાનગરપાલિકાના કમિશનરશ્રીઓ તેમજ મ્યુનિસિપાલિટીઝ એડમિનિસ્ટ્રેશનના કમિશનરને આ અંગે પત્ર પાઠવીને તેમના સંબંધિત વિસ્તારોમાં કતલખાના-સ્લોટર હાઉસ બંધ રહે તેની કાળજી લેવા સૂચનાઓ આપી**

સોમવાર તા. ૨૨મી જાન્યુઆરીએ અયોધ્યામાં યોજાનારા શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને અનુલક્ષીને રાજયના નગરપાલિકા-મહાનગરપાલિકા વિસ્તારોમાં કતલખાના-સ્લોટર હાઉસ બંધ રાખવા રાજ્ય સરકારે અનુરોધ કર્યો છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે મહાનગરપાલિકાના કમિશનરશ્રીઓ તેમજ મ્યુનિસિપાલિટીઝ એડમિનિસ્ટ્રેશનના કમિશનરને આ અંગે પત્ર પાઠવીને તેમના સંબંધિત વિસ્તારોમાં કતલખાના-સ્લોટર હાઉસ બંધ રહે તેની કાળજી લેવા સૂચનાઓ આપી છે.
























AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૨૨-૧-૨૦૨૪ સોમવાર

# કોંગ્રેસની પનોતી સાડા સાત વરસ પછીય રિપીટ કેમ થઈ રહી છે... કારણ શું છે...?

આમ તો હિમાચલપ્રદેશ અને કર્ણાટકમાં જીત બાદ, હિન્દી બેલ્ટના ત્રણ રાજ્યોમાં પરાજય સાથે કોંગ્રેસની મજબૂત વાપસીની આશાઓ પર પાણી ફરી વળ્યું હતું. આ રીતે ઈ. સ. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં પાર્ટીનો રસ્તો અનિશ્ચિત બની ગયો હતો. એટલું જ નહીં, કોંગ્રેસની એ હારને કારણે નવી રચાયેલી ".શ.ઘૈ..છ. મહાગઠબંધનની મુશ્કેલી પણ વધી ગઈ હતી. કારણ કે આ ગઠબંધનનું ભવિષ્ય પણ કોંગ્રેસ સાથે જોડાયેલું છે. જો કોંગ્રેસ ૨૦૦ થી વધુ લોકસભા બેઠકો પર ભાજપ સામે હારવાનું ચાલુ રાખે છે જ્યાં બંને પક્ષો સીધી હરીફાઈમાં છે, તો પ્રાદેશિક પક્ષોનું સારું પ્રદર્શન પણ ગઠબંધનને જીત અપાવવા માટે પૂરતું નથી.

આખરે કોંગ્રેસને શું થયું છે? શા માટે તે પુનરાગમન કરવા સક્ષમ નથી અથવા ગમે એટલા પ્રયત્નો છતાં લોકહૈયે એની છબી સાવ ઝાંખી કેમ રહે છે? સિક્કો કેમ પડતો નથી ને ડંકો કેમ વાગતો નથી? ઘણા લોકો આ માટે ગાંધી પરિવારના નેતૃત્વ અને તેમની ઘટતી ચૂંટણી જીતને જવાબદાર માને છે. તેમનું કહેવું છે કે 'ન્યૂ ઈન્ડિયા'માં મોદી ફેક્ટર ખૂબ જ મજબૂત છે, જ્યારે કોંગ્રેસ પાસે કોઈ નવો નેરેટિવ નથી. નરેન્દ્ર મોદીએ સત્તા પર આવ્યા પછી એક પછી એક મોટા ગજાના પ્રચાર અભિયાનો સરકારી વાજિંત્રમાં જે વહેતા કર્યા એની સામે કોંગ્રેસ સ્તબ્ધ થઈ ગઈ. એણે વાજપેયી મોડેલની ધારણા કરી હતી જેમાં પરિપૂર્ણ સજ્જનતા હતી કારણ કે વાજપેયી મહાન રાજપુરુષ હતા પણ ખેલાડી ન હતા.

ગાંધી પરિવારનું નેતૃત્વ વારસા પર આધારિત છે, જેને મોદી વંશવાદ કહીને ધિક્કારે છે. જ્યાં તમામ અધિકારો છે, પરંતુ હાર કે ખોટા નિર્ણયો માટે કોઈ જવાબદારી લેવામાં આવતી નથી. પક્ષ હારે છે, નુકસાન સહન કરે છે, પરંતુ ગાંધી પરિવાર તેનાથી અસ્પૃશ્ય રહે છે. કોંગ્રેસ માટે રાજકીય નિરાશાના આ સમયગાળા વચ્ચે પાર્ટીના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ બીજી યાત્રા પર નીકળવાનું નક્કી કર્યું એ પણ એક અખતરો જ છે. પુનરાવર્તિત અખતરો. જેઓ પાસે કંઈ નવું નથી તેઓ સ્વાનુકરણનો ભોગ બને છે. રાહુલ અને પ્રિયંકા ગાંધી વાડ્રાને આશા હતી કે રાજ્યોની ચૂંટણીમાં કોંગ્રેસ જીતશે અને આનો સંપૂર્ણ શ્રેય તેમની ભારત જોડો યાત્રા અને જાતિ ગણતરી-ઓબીસી કાર્ડને જશે. પરંતુ આ થઈ શક્યું નહીં. આ નવી 'ઈસ્ટ-વેસ્ટ' (બસ) યાત્રા-૨ પાર્ટીને કેટલી હદ સુધી લઈ જશે તે જોવું રહ્યું.

૨૧ ડિસેમ્બરે કારોબારી (ભઉભ)ની બેઠકમાં કેટલાક સભ્યોએ રાહુલને ચેતવણી આપી હતી કે લોકસભાની ચૂંટણી ખૂબ જ નજીક છે અને આવી સ્થિતિમાં બીજી મુલાકાત લાભદાયી રહેશે નહીં. મહત્ત્વના દિવસોનો વેડફાટ થશે. ઉપરાંત, તે રામ મંદિરના ઉદઘાટન માટેના ભાજપના કાર્યક્રમો સાથે ટકરાઈ શકે છે અને તેમાં પહેલા જેવી નવીનતા રહેશે નહીં. પરંતુ પાર્ટીએ આ ચેતવણીઓની અવગણના કરી છે.

એક તરફ રાહુલ તેમની બીજી મુલાકાતની તૈયારી કરી રહ્યા છે તો બીજી તરફ પ્રિયંકા વાડ્રા પણ પોતાની પહોંચ વિસ્તારી રહી છે. તેમના નેતૃત્વમાં યુપી કોંગ્રેસ લગભગ બરબાદ થઈ ગઈ હોવા છતાં, તેમને ઈનામ તરીકે 'વિભાગ વિના છૈંભભ મહાસચિવ'નું પદ મળ્યું. તેનો અર્થ એ છે કે કોઈપણ જગ્યાએ દખલ કરવાનું લાઈસન્સ અને તે પણ કોઈપણ જવાબદારી વિના. જો રાહુલનો પીએમ બનવાનો દાવો એ હકીકત પર આધારિત છે કે તેમના પિતા, તેમના દાદી અને તેમના પરદાદા પણ વડાપ્રધાન હતા, તો પ્રિયંકા વાડ્રાની તરફેણમાં બીજી લાયકાત છે એટલે કે તેમના ચાહકો હવે દાવો કરી શકે છે કે લાલ બહાદુર શાસ્ત્રી પણ વડાપ્રધાન બનતા પહેલા 'પોર્ટફોલિયો વગરના મંત્રી' હતા.

એક બુદ્ધિશાળી 'ટુ હેન્ડ ક્લેપ' સિસ્ટમ પરિવારને ખીલવામાં મદદ કરે છે એટલે કે વાહવાહીનું કલ્ચર અથવા અહો રૂપમ્ અને અહો ધ્વનિ...! ભઉભ થી છૈંભભ સચિવાલય અને રાજ્ય કોંગ્રેસ સમિતિઓ (ભઁભ) સુધી, લગભગ તમામ અધિકારીઓ 'નોમિનેટેડ' છે, જેમને ચૂંટાયેલા સભ્યોથી વિપરીત, ઈચ્છાથી દૂર કરી શકાય છે. સોનિયા-રાહુલે પ્રમુખ પદ છોડ્યા પછી પણ પોતપોતાના હોદ્દા સુરક્ષિત કર્યા. રાયપુર સત્રમાં, કોંગ્રેસના ભૂતપૂર્વ પ્રમુખો અને ભૂતપૂર્વ વડા પ્રધાનોને ભઉભમાં કાયમી સભ્યપદ આપવામાં આવ્યું હતું. ગાંધી-નહેરુ પરિવાર અને નિયુક્ત અધિકારીઓ પરસ્પર વફાદારીના નામે એક સાથે ફરે છે, જ્યારે કોંગ્રેસ ડૂબી રહી છે. નામાંકિત અધિકારીઓ આ સૂર ગાતા રહે છે કે માત્ર ગાંધી-નહેરુ પરિવાર જ પાર્ટીને એક કરી શકે છે. પક્ષો ભવિષ્યની રાજનીતિ પર કામ કરીને જીતે છે, ભૂતકાળની વાર્તાઓ પર નહીં.

પરિવારના મજબૂત નિયંત્રણ હેઠળ, ચૂંટાયેલા પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે વાસ્તવિક નેતાની છાયામાં કામ કરે છે. રાહુલ ગાંધી, જેઓ અવારનવાર વડાપ્રધાન મોદી પર 'બંધારણ અને સંસ્થાઓને નબળા પાડવા'નો આરોપ લગાવે છે, તે વ્યંગાત્મક રીતે પોતાને બંધારણ અને કોંગ્રેસની સંસ્થાકીય જોગવાઈઓથી ઉપર કામ કરતા માને છે. દેખીતી રીતે, આજના ભઉભમાં કોઈ પણ તેમને યાદ અપાવવાની હિંમત કરી શકશે નહીં કે તેઓ અન્ય લોકોને ઉપદેશ ન આપે.

મમતા બેનર્જી અને અરવિંદ કેજરીવાલે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે તેઓ સંભવિત વડાપ્રધાન પદના ઉમેદવારોની યાદીમાં પણ નથી. તેમણે દલિત સમુદાયમાંથી ખડગેને પીએમ પદના ઉમેદવાર તરીકે રજૂ કરીને આ વાતને વધુ તીવ્ર બનાવી છે. હવે જોવાનું એ રહે છે કે સીટોની વહેંચણીમાં ઈન્ડિયા બ્લોક જીતશે કે પછી કોઈ પક્ષ ગઠબંધન છોડી દેશે.

હિન્દી બેલ્ટના મહત્વના રાજ્યોમાં હાર બાદ કોંગ્રેસના ઘણા નેતાઓ ચિંતામાં છે કે શું પાર્ટી ઈ. સ. ૨૦૧૯માં સૌથી ઓછી ૫૨ બેઠકોનો રેકોર્ડ પાર કરી શકશે? તેમની ચિંતાઓ માન્ય છે કારણ કે ૨૦૧૯માં કોંગ્રેસની મોટાભાગની બેઠકો (લગભગ ૬૦ટકા) ત્રણ રાજ્યો-કેરળ (૧૫), તમિલનાડુ (૮) અને પંજાબ (૮)માંથી આવી હતી. કેરળમાં પાર્ટીનું પ્રદર્શન ટોચ પર છે, હવે તેમાં ઘટાડો થઈ શકે છે. તમિલનાડુમાં કોંગ્રેસ સંપૂર્ણપણે તેના સહયોગી ડીએમકે પર નિર્ભર છે. પંજાબમાં આમ આદમી પાર્ટી પણ દાવેદાર છે

કોંગ્રેસની આશા તેલંગાણા, કર્ણાટક અને હિમાચલ પર ટકેલી છે, પરંતુ બીજી તરફ રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને ગુજરાત જેવા મોટા રાજ્યોમાં તેની પકડ નબળી પડી છે. હિન્દી પટ્ટાના મોટા રાજ્યોમાં મળેલી આ હારને કારણે અન્ય રાજ્યોમાં સીટ વહેંચણીને લઈને તેની સોદાબાજીની ક્ષમતા પર પણ ખરાબ અસર પડશે. બિહારમાં જેડીયુ, મહારાષ્ટ્રમાં એનસીપી અને ઉદ્ધવ ઠાકરેની શિવસેના, યુપીમાં સમાજવાદી પાર્ટી, પશ્ચિમ બંગાળમાં ટીએમસી, ઝારખંડમાં જેએમએમની જેમ, પંજાબ અને દિલ્હીમાં આમ આદમી પાર્ટી સાથે બેઠકોના સંકલનને કારણે કોંગ્રેસની સોદાબાજીની શક્તિ ઓછી થઈ છે. આનો અર્થ એ થયો કે એક તરફ જે રાજ્યોમાં સીધી સ્પર્ધા છે ત્યાં કોંગ્રેસે જ ભાજપના તોફાનનો સામનો કરવો પડશે.

કોંગ્રેસ અને 'ઈન્ડિયા' ગઠબંધનને મોદીના નેતૃત્વ, હિન્દુત્વ-રાષ્ટ્રવાદના આકર્ષણ અને સરકારી યોજનાઓના જાળાનો સામનો કરવો પડશે. 'મોદી ફેક્ટર'થી બચવા માટે કોંગ્રેસ કહી રહી છે કે તે તેને રાહુલ વિરુદ્ધ મોદી તરીકે બતાવવા માંગતી નથી. ઈન્ડિયા ગઠબંધન કહી રહ્યું છે કે તેના તરફથી પીએમ પદના દાવેદાર કોણ હશે તે ચૂંટણી પછી નક્કી કરવામાં આવશે, તેથી આ વ્યૂહરચનાના પાછળનું કારણ 'મોદી ફેક્ટર'ને ઉઘાડું પાડવાનું છે. પરંતુ વિપક્ષના ઘણા નેતાઓને હજુ પણ ડર છે કે ભાજપ ન્યાય યાત્રાને 'મોદી વિરુદ્ધ રાહુલ-૩' તરીકે રજૂ કરશે.

'ભારત' ગઠબંધનના નેતાઓને લાગે છે કે ચૂંટણીને 'મોદી વિરુદ્ધ કોણ' અને ધાર્મિક મુદ્દાઓમાંથી રોજિંદી સમસ્યાઓમાં સ્થાનાંતરિત કરવાનો શ્રેષ્ઠ માર્ગ છે. પરંતુ મોટાભાગના પક્ષો માત્ર એક રાજ્યમાં મજબૂત છે, તેઓ સમગ્ર દેશમાં કોંગ્રેસને મદદ કરી શકતા નથી અને ભાજપ સાથે સીધી હરીફાઈમાં કોંગ્રેસને સમર્થન આપી શકતા નથી.

ઈન્ડિયા ગઠબંધનના નેતાઓને પણ મોદીની બે યુક્તિઓ - 'વંશવાદી રાજકારણ' અને 'ભ્રષ્ટાચાર'નો જવાબ આપવો મુશ્કેલ થઈ રહ્યો છે. જ્યારે મોટાભાગના નેતાઓ તેમના પરિવારો સાથે એક મંચ પર જોવા મળે છે, ત્યારે ગઠબંધનનો માહોલ કાંગારૂઓની કતાર જેવો દેખાય છે અને જ્યારે તેમાંથી ઘણા જામીન પર બહાર હોય છે અથવા ભ્રષ્ટાચારના આરોપમાં તપાસનો સામનો કરી રહ્યા છે, ત્યારે તે તેમની છબીને કલંકિત કરે છે.

હાલમાં, ગઠબંધન પાસે કોઈ સકારાત્મક અને વિશ્વાસપાત્ર વર્ણન નથી જે દ્વિધામાં રહેલા મતદારોને આકર્ષી શકે. એટલે કે એવા મતદારો કે જેઓ ચૂંટણી આવે ત્યાં સુધી કોને મત આપવો તે નક્કી કરી શકતા નથી. રાજકારણમાં કશું જ નિશ્ચિત હોતું નથી, તેથી કોંગ્રેસ અને ગઠબંધન, મોદી સરકારના કામકાજના નબળા પાસાઓને એવી આશામાં ઉજાગર કરી રહ્યા છે કે મતદારો પરિવર્તન ઈચ્છે છે. તેઓ ઈતિહાસ ટાંકી રહ્યા છે કે નેહરુ સિવાય કોઈપણ કેન્દ્ર સરકાર સતત ત્રણ ચૂંટણી જીતી શકી નથી. ઈન્ડિયા ગઠબંધન ચમત્કાર માટે પ્રાર્થના કરી રહ્યું છે જે અસંભવ પરિણામોની વ્યર્થ આકાંક્ષાઓમાંથી પ્રગટ થયેલી છે.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા. ૨૨.૧.૨૦૨૪ સોમવાર, સંવંત ૨૦૮૦, પોષ સુદ બારસ, મૃગશીર્ષ નક્ષત્ર, બ્રહ્મ યોગ, બવ કરણ આજે સાંજે ૪.૨૪ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ વૃષભ (બ,વ,ઉ) ત્યારબાદ મિથુન (ક,છ,ઘ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય. સંતુલિત મનથી તમે કરેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થાય.

વૃષભ (બ,વ,ઉ) : આર્થિક બાબતોમાં સારું રહે, અચાનક લાભ થવાના સંકેત છે. અગાઉ રોકેલા નાણાં કે ફસાયેલા નાણાં પરત આવવાના સંકેત આવી શકે.

મિથુન (ક,છ,ઘ) : કાર્યસિદ્ધિ આપતો દિવસ, યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય. સામાજિક રીતે તમારા અભિપ્રાય નું મૂલ્ય વધે.

કર્ક (ડ,હ) : આજના દિવસે વાદ વિવાદ થી દૂર રહેવું, તમારા કામમાં વિશેષ ધ્યાન દેવું. સ્વભાવ લાગણીશીલ રહે અને તેના કારણે દુઃખ થાય.

સિંહ (મ,ટ) : આજના દિવસે આકસ્મિત લાભ થાય, જુના મિત્રોને મળવાનું બને, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.

કન્યા (પ,ઠ,ણ) : વેપારીવર્ગને લાભદાયક દિવસ છે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, નોકરિયાતવર્ગને સારું રહે, વિદ્યાર્થીવર્ગ માટે પણ સારું રહે.

તુલા (ર,ત) : આધ્યાત્મિક બાબતોમાં આગળ વધી શકો, ધ્યાન યોગ મૌનથી લાભ થાય, ભાગ્યબળ માં વૃદ્ધિ થાય.

વૃશ્ચિક (ન,ય) : અગાઉ ની સાપેક્ષમાં ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવતી જણાય, કાર્યને પૂર્ણ કરી શકો, પ્રગતિકારક દિવસ.

ધન (ધ,ભ,ફ,ઢ) : સામાજિક ક્ષેત્ર અને જાહેરજીવનમાં સારું રહે, લોકચાહનામાં વૃદ્ધિ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

મકર (ખ,જ) : આજના દિવસે તબિયતની કાળજી લેવી, બહારના ખાન-પાનમાં ધ્યાન રાખવું પડે, જીવનપદ્ધતિમાં હકારાત્મક ફેરફાર કરવા જરૂરી બને.

કુંભ (ગ,સ,શ) : પ્રણય માર્ગે આગળ વધી શકો, સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.

મીન (દ,ચ,ઝ,થ) : દિવસ આરામથી વિતાવી શકો અને નવી જગ્યાએ જઈ શકો, તમામ ભૌતિક સુખ સગવડ આપતો આનંદદાયક દિવસ.

# કુંકાવાવ સરપંચ સામે સ્થાનિક પરિણીત મહિલા એ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી

## શોષયલ મીડિયા માં બીભત્સ ફોટા વાઇરલ કરવાની ધમકી આપી આચરાયુ દુષ્કર્મ : ધારીના રિસોર્ટ અને રાજકોટની હોટેલમાં દુષકર્મ આચર્યાનો ફરિયાદમાં ઉલ્લેખ

વડિયા, (ભીખુભાઈ વોરા)

અમરેલી વિધાનસભા સીટ ના એપી સેન્ટર તરીકે ગણાતા કુંકાવાવમાં સરપંચ તરીકે નિવૃત ફોજી સંજય લાખાણી એ સુકાન સંભાળ્યા બાદ અનેક વિકાસ કામો થી સમગ્ર પંથક માં તે એક યુવા જાગૃત સરપંચ તરીકે ખ્યાતિ પામતા જોવા મળ્યા હતા સાથે ટૂંકા સમય ગાળામાં તેઓ અનેક વિવાદો માં પણ સંપળાતા તેના વિવાદો અને તેમની વિરુદ્ધની પોલીસ ફરિયાદો વારંવાર ચર્ચાનો વિષય બનતી જોવા મળી રહી છે. હાલ તારીખ ૨૦/૦૧ના રોજ કુંકાવાવ ના જ એક બ્યુટીપાર્લર સંચાલક દ્વારા વર્તમાન સરપંચ દ્વારા ભૂતકાળ માં ઈન્સ્ટાગ્રામ માં ચેટ કરીને પરિણીતા ને મળવા બોલાવીને તારીખ ૦૧/૦૯/૨૦૨૨ ના રોજ માં ધારી ના રિસોર્ટ ખાતે લઈ જઈ દુષ્કર્મ આંચરી પરણીતાના બિભત્સ ફોટા અને વિડિઓ ઉતારી તેને વાઈરલ કરી આપવાની અને પરણીતા ના પતિને મોકલી આપવાની ધમકીઓ આપી ફરી તારીખ ૨૦/૧૨/૨૦૨૩ ના રોજ રાજકોટ ની કાય હોટેલ માં લઈ જઈ દુષ્કર્મ કર્યાની ફરિયાદ કુંકાવાવ ના એક બ્યુટીપાર્લર ના ધંધા સાથે સંકળાયેલા પરણીતા એ વડિયા પોલીસમાં ફરિયાદ નોંધાવતા કુંકાવાવ સરપંચ સંજય લાખાણી વિરુદ્ધ કલમ ૩૭૬,૩૭૬ (૨), ૫૦૪, ૫૦૬(૨) અને એક્ટ ની કલમ ૬૬(l) ૬૭(છ) મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. જાણવા મળતી વિગતો મુજબ હાલ આ ઘટનાની તપાસ સાઈબર ક્રાઈમ ના પીઆઈ ટી એચ પટેલ ચલાવી રહ્યા છે હજુ આ દુષ્કર્મ ના આરોપી એવા સરપંચ પોલીસ પકડ થી દૂર ફરાર હોય તેવુ સામે આવી રહ્યું છે. વર્તમાન જાગૃત સરપંચ સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાતા હાલ કુંકાવાવ માં આ ચર્ચાએ જોર પકડ્યું છે અને કુંકાવાવ ના રાજકારણ માં લોકસભા ચૂંટણી પેહલા જ ગરમાવો જોવા મળી રહ્યો છે. હવે આ કેસ આવનારા સમય માં કુંકાવાવ ના રાજકારણને કઈ દિશા તરફ લઈ જશે તે તો આવનારો સમય જ બતાવશે.

# રામ કે સાથ સાથ... સિયાં કે સંગ સંગ... ઓ મોદી ચલ...નું અસ્મરણીય સોંગ લોંચ

## કલરવ બગડાનું અસ્મરણીય સોંગ લોંચ થઈને ધૂમ મચાવી રહ્યું છે

અયોધ્યામાં રામ મંદિર સ્થાપીત કરવાના દ્રઢ પ્રભાવથી સુપર ડુંપર સોંગ દરેકમાં હૈયામાં વસી ગયું છે



સાવરકુંડલા, (વિરામ દોશી)

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના મનમાં હોય તે લોકોના હર્દયની માં સ્થાપિત થઈ જતું હોય છે ત્યારે અયોધ્યામાં ભગવાન શ્રી રામ ની ૨૨ તારીખે પ્રાણ પ્રતિષ્ઠાને લઈને દેશ વિદેશ રામમય વાતાવરણ સર્જાયું છે ને રામ મંદિર પર અનેક ગીતો લોન્ચ થઈ રહ્યા છે ત્યારે આજે રામ કે સાથ સાથ... સિયાં કે સંગ સંગ.... ઓ મોદી ચલ..... નું અસ્મરણીય સોંગ હ્રદયના તાર ઝણઝણાવી નાખે તેવું માત્ર ૧૫ વર્ષના બાળકે તૈયાર કરીને સંત ભકિત બાપુ અને ભાજપના નેતા અને ધારાસભ્ય મહેશ કસવાળાના અટલ ધારા કાર્યલાય ખતે લોન્ચ કરવામાં આવ્યું હતુ કસવાળા કાર્યાલય ખાતે રામ કે સાથ સાથ સિયા કે સંગ સંગ આજની સંસ્કૃતિ સાથે ગુજરાતી લ્યકા આખું સોંગ અદભુત તૈયાર કરવામાં આવ્યું છે આ સોંગ ઝિંઝુડાનાં સંત રાધિકા દાસ બાપુએ તૈયાર કર્યું છે જ્યારે સમગ્ર કમ્પીજીશન ૧૫ વર્ષના બાળ કલાકાર કલરવ બગડા એ તૈયાર કર્યું હોય ત્યારે કલરવ બગડા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વિચારોને પ્રેરાઈને અસ્મરણીય સોંગ તૈયાર કર્યું હોવાનું જણાવ્યું હતુ

પુત્રના લક્ષણ પારણાં માંથી તેવી ગુજરાતી કહેવત છે કલરવ બગડા ના પિતાશ્રી પત્રકારત્વ ક્ષેત્રે સારી એવી ખ્યાતિ નામના ધરાવે છે પિતાના નકશે કદમ પર નહિ પણ સંગીત પ્રત્યે સંવેદનશીલ બનીને કલરવ બગડાએ સોનેરી સિધ્ધિ આ રામ કે સાથ સાથ સિયા કે સંગ સંગ ઓ મોદી ચલ ગીત પર ધારાસભ્ય મહેશ કસવાળા અને સંત ભક્તિ બાપુ આફ્રિન પોકારી ઊઠયા હતા ને કલરવ બગડા ને સન્માનિત કર્યો હતો

અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રાણ પ્રતિષ્ઠાનો અનેરો ઉત્સાહ દેશ વિદેશમાં રામમય વાતાવરણ સર્જાયું છે ત્યારે રામ કે સાથ સાથ.... સિયાકે સંગ સંગ...... ઓ મોદી ચલ....... કલરવ બગડાનું અસ્મરણીય સોંગ લોંચ થઈને હાલ ધૂમ મચાવી રહ્યું છે ને ભાજપના નેતાઓ સાથે સનાતની ધર્મમાં માનનારા પણ મોદીના

## એક લિંકથી ફોન થઈ જશે હેક, સરકારે આપ્યું એલર્ટ

# રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાના નામે સાયબર ગુનેગારો સક્રિય બન્યા

## સ્કેમર્સ તમારું બેંક એકાઉન્ટ હેક કરી શકે છે : ગૃહ મંત્રાલય દ્વારા ચેતવણી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૧

રામ લાલા ૨૨ જાન્યુઆરીએ અયોધ્યાના રામ મંદિરમાં બિરાજશે. આ માટે સમગ્ર દેશમાં તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. સામાન્ય લોકો પણ આ અવસરને લઈને ઉત્સાહિત છે. સાયબર ગુનેગારો તમારા ઉત્સાહનો રંગ બગાડી શકે છે. આ પ્રસંગે ઘણા સાયબર ઠગ સક્રિય થયા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર ગૃહ મંત્રાલય દ્વારા આ અંગે ચેતવણી જારી કરવામાં આવી છે. સાયબર ગુનેગારો તમને રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાના લાઈવ સ્ટ્રીમિંગના નામે મેસેજ મોકલી શકે છે. આ મેસેજમાં એક લિંક પણ હોઈ શકે છે, જેમાં દાવો કરવામાં આવશે કે તેના પર ક્લિક કરીને તમે રામ લલ્લાનું લાઈવ સ્ટ્રીમિંગ જોઈ શકશો.

સૂત્રોના જણાવ્યા અનુસાર, સ્ઉઁછની સાયબર વિંગે એલર્ટ જાહેર કર્યું છે. સાયબર વિંગે આવા ઘણા નકલી પેનિસ શોધી કાઢ્યા છે. આમાં સાયબર ગુનેગારો લોકોને છેતરવા માટે વોટ્સએપ પર મેસેજ મોકલી રહ્યા છે.

રામ ભકતો સાયબર ગુનેગારોના આ મેસેજની લિંક પર ક્લિક કરતાની સાથે જ. આ પછી, આ લિંક કાં તો તેમના સંવેદનશીલ મોબાઈલ ડેટાની ચોરી કરશે અથવા બેંક એકાઉન્ટ એપ્લિકેશન અથવા વૉલેટ એપ્લિકેશનને હેક કરીને બેંક એકાઉન્ટને શૂન્ય કરી શકે છે. જો તમને આવો મેસેજ મળે તો તમારે સાવચેત રહેવાની જરૂર છે. યુઝર્સ કોઈપણ લિંક પર ક્લિક કર્યા વગર તેને ડિલીટ કરી શકે છે. જો કોઈ પરિચિત વ્યક્તિ આવો મેસેજ મોકલી રહ્યો હોય તો તમે તેને આ મેસેજની સત્યતા વિશે જણાવી શકો છો. જો કોઈને આવી લિંક્સ આવે અથવા કોઈ છેતરપિંડી થાય તો તેણે સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર કૉલ કરવો જોઈએ અને તેમનો કેસ નોંધવો જોઈએ.

## નિર્મલા સીતારમણનો આરોપ

# તામીલનાડુ સરકાર દ્વારા પ્રતિષ્ઠા કાર્યક્રમના પ્રસરાણ ઉપર પ્રતિબંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૧ આવતીકાલે રામ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાવવાનો છે, દેશભરમાં ભક્તિનો માહોલ છે, દેશવાસીઓની સાથે સાથે વિદેશમાં પણ રામના નામની ધૂમ મચી છે, ત્યારે દક્ષિણના રાજ્ય તામિલનાડુને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. હાલમાં જ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે મોટો આરોપ લગાવ્યો છે કે, તામિલનાડુ સરકારે રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના પ્રસારણ પર રાજ્યમાં પ્રતિબંધ લગાવ્યો છે, એટલું જ નહીં તામિલનાડુંના મંદિરોમાં પણ આવા કાર્યક્રમોને અટકાવ્યા છે. આવતીકાલે અયોધ્યામાં ૫૦૦ વર્ષ બાદ ભગવાન રામ પોતાના નિજધામ પહોંચી રહ્યાં છે, દેશભરમાં ખુશીનો માહોલ છવાયો છે, ત્યારે તામિલનાડું સરકાર પર કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણે મોટો આરોપ લગાવીને રાજકીય ગરમાવો લાવી દીધો છે. નિર્મલા સીતારમણના આરોપો બાદ રાજકીય માહોલ ગરમાયો છે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે આરોપ લગાવ્યો છે કે, દેશભરમાં રામ મંદિરને લઈને ઉત્સુકતા છે ત્યારે દક્ષિણ ભારતના રાજ્ય તામિલનાડુંમાં પ્રાણ પ્રતિષ્ઠાના પ્રસારણ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. નિર્મલા સીતારમણે તામિલનાડુંના મંદિરોમાં પણ કાર્યક્રમોને અટકાવ્યા હોવાના પણ આરોપો લગાવ્યા છે. તેમને હિન્દુ વિરોધી, દ્વેષપૂર્ણ કૃત્યની સખ્ત નિંદા કરી છે.

## ગુજરાત પર કાળ બનીને ત્રાટકશે વરસાદ

# ૨૪ થી ૨૬ જાન્યુઆરીએ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર જોવા મળશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૨૧

ગુજરાતમાં હાલ હાડ થીજવતી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. ગુજરાતના ત્રણ શહેરોમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીની આસપાસ પહોંચી ગયો છે. ગુજરાતમાં વધ્યો ઠંડીનો ચમકારો વધ્યો છે. તાપમાનનો પારો ૧થી ૨ ડિગ્રી ઘટતા ઠંડી વધી છે. રાજ્યમાં ઉત્તર પશ્ચિમી પવન ફૂંકાતા ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે.

૮.૪ ડિગ્રી તાપમાન સાથે નલિયા સૌથી ઠંડું શહેર બન્યો છે. જોકે, આગામી ૫ દિવસ આવું તાપમાન યથાવત રહેશે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે. પરંતુ આ બાદ વરસાદ આવશે તેવી આગાહી હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે કહી છે. જાન્યુઆરી મહિનામાં એકવાર તો માવઠું આવી ગયું, ત્યારે હવે ફરીથી કમોસમી વરસાદની આગાહી આવી ગઈ છે. ભૂમધ્ય સાગરમાં ફરી એકવાર ચક્રવાત આવવાનો છે. જેની અસર ભારતના પશ્ચિમભાગ ઉપર અસર થશે, પરંતુ ગુજરાત પર તેની અસરથી કમોસમી વરસાદ આવશે. ૨૪ થી ૨૬ જાન્યુઆરીએ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ગુજરાતમાં જોવા મળશે. જેની અસરના ભાગ રૂપે કચ્છ, પશ્ચિમ સૌરાષ્ટ્માં વરસાદની શક્યતા છે. જયારે ગુજરાતનાં અન્ય ભાગોમાં વાદળવાયુ વાતાવરણ રહેવાની શક્યતા છે. ૧૭-૧૯ જાન્યુઆરીએ પણ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવશે. જેના કારણે રાજ્યમાં વાદળવાયુ વાતાવરણ રહેશે.

હાલ હવામાન વિભાગના લેટેસ્ટ અપડેટ પર નજર કરીએ તો, આજે નલિયામાં સૌથી ઓછું ૮.૪ ડિગ્રી તાપમાન નોંધાયું છે. રાજકોટમાં ૧૦.૬ ડિગ્રી, ડીસામાં ૧૧.૧ ડિગ્રી અને કોશોદમાં ૧૧.૩ ડિગ્રી તાપમાન પહોંચ્યું છે. ગુજરાતના ત્રણ શહેરોમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીની આસપાસ પહોંચી ગયું છે. નલિયામાં સૌથી ઓછું ૮.૪ ડિગ્રી તાપમાન નોંધાયું છે. તો રાજકોટમાં ૧૦.૬ ડિગ્રી, ડીસામાં ૧૧.૧ ડિગ્રી અને કેશોદમાં ૧૧.૩ ડિગ્રી તાપમાન નોંધાયું છે. અમદાવાદમાં ૧૪.૪ ડિગ્રી તાપમાન નોંધાયું છે. ઉનાળાને લઈ આગાહીકાર અંબાલાલ પટેલની આગાહી એવી છે કે, આ વર્ષે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ નબળા આવવાને કારણે હિમ નદી ઉપર અસર થશે. હિમ નદીઓ ઉપર અસર થવાને કારણે ગ્લેશિયર પીગળવાને કારણે ઉનાળો વહેલો આવવાની શક્યતા છે. ઉનાળામાં કાળઝાળ ગરમી પડવાની શક્યતા છે. ૧૯ ફેબ્રૂઆરીથી હળવી ગરમીની શરૂઆત થશે. ૨૦ એપ્રિલથી વધુ અને ૨૬ એપ્રિલથી આકરી ગરમી વેઠવાનો વારો આવશે.



ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
- ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
- સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
- માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪



सत्यमेवजयते
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર



તા.૨૨-૧-૨૦૨૪ સોમવાર




રોયલ ફેબ્રીકેશન
ગ્રીલ, જાળી, દરવાજા, રજવાડી ગેટ,
છાપરાનું કામ કરનાર તેમજ મજુરીથી કામ કરનાર
સંપર્ક :- ફૈસલ સુમરા
મો.૮૭૫૮૯ ૮૭૭૪૮ - ૬૩૫૧૭ ૧૪૮૩૬
ચાંદની ચોક, અમરેલી


BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ


**મંગલ ભવન અમંગલ હારી, દ્રવહું સુ દશરથ અજર બિહારી રામ સિયા રામ સિયા રામ જય જય રામ**

# ધારીની શાળામાં શ્રી રામલલ્લાની ભવ્ય મહાઆરતી

**શ્રીરામ દરબાર ને ફુલ ચોખાથી વધાવીને બધા બાળકો અને શિક્ષકગણ આરતીમાં મંત્ર મુગ્ધ થયા : તમામ બાળકોએ ભગવાનના વધામણાં કરવા માટે ઘરેથી સુંદર પૂજાની થાળી તૈયાર કરી હોશભેર મહાઆરતી માં જોડાયા : નાના નાના ભૂલકાઓ દ્વારા રામ, લક્ષ્મણ, સીતાજી અને હનુમાનજીના વેશ ધારણ કરી સાક્ષાત ભગવાન શાળામાં આવ્યા હોય તેવું બાળકોએ આબેહૂબ ચિત્ર રજુ કર્યુ**



ધારી, (ઉદય ચોલેરા) વિશ્વભરમાં જેમના નારા ગુંજી રહ્યા છે તેવા મર્યાદા પુરૂષોતમ શ્રીરામ ભગવાનના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ સંદર્ભે શ્રી મનમંદિર શૈક્ષણિક સંકુલ ધારીના પટાંગણમાં તારીખ ૧૮,૧,૨૦૨૪ ગુરુવારના રોજ 'મહાઆરતી'નું ભવ્યથી ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. નાના નાના ભૂલકાઓ દ્વારા રામ, લક્ષ્મણ, સીતાજી અને હનુમાનજીના વેશ ધારણ કરી જાણે સાક્ષાત ભગવાન શાળામાં આવ્યા હોય તેવું બાળકોએ આબેહૂબ ચિત્ર રજુ કરી દીધેલ..બાળકો સાથે શિક્ષકો દ્વારા શાળાના મેદાનમા રંગોળી અને દિવાડાઓ પ્રજ્જવલિત કરી ભગવાનને આવકારવા માટે ખુબજ મહેનત કરી હતી...શાળામાં અભ્યાસ કરતા ધોરણ કેજી થી લઈ ધોરણ ૧૦ સુધીના તમામ બાળકોએ ભગવાનના વધામણાં કરવા માટે ઘરેથી સુંદર મજાની પૂજાની થાળી ત્યાર કરી હોશભેર મહાઆરતી માં જોડાયા હતા........શાળાનો માહોલ જાણે અયોધ્યામાં ભગવાનની સામે ઉભા હોય તેવું હૃદય સ્પર્શી આહલાદક વાતાવરણ ઉભું થયું હતું.......ત્યારબાદ વિદ્યાર્થી સાથે શિક્ષકો પણ આરતીમાટે ઉત્સુક જોવા મળ્યા હતા.....શ્રીરામ દરબાર ને ફુલ ચોખાથી વધાવીને બધા બાળકો અને શિક્ષકગણ આરતીમાં મંત્ર મુગ્ધ થયા હતા......આ આરતીના લાભથી જીવન ધન્ય ધન્ય થયું તેવી અનુભૂતિ શાળામાં થઈ હતી...આ તકે દલખાણીયા પ્રા.શાળાના આચાર્યશ્રી હેમલભાઈ જયસ્વાલ ઉપસ્થિત રહીને કાર્યક્રમ ની શોભા વધારેલ.....

શાળાના આચાર્ય શ્રી પ્રિયંકાબેન વ્યાસ અને સ્ટાફની મહેનત થી સફળ કાર્યક્રમને ભરતભાઈ વાળા એ બિરદાવેલ તેમજ અયોધ્યામાં બનેલ રામ મંદિર વિશે વાત કરેલ અને કાર્યક્રમ ને સફળ બનાવનાર સુપરવાઈઝર અને શિક્ષકોનો આભાર વ્યક્ત કર્યો......

## દામનગર શહેરની મધ્યમાં આવેલ શ્રી રામજી મંદિરે આજે સોમવારે મહા અભિષેક અને મહા આરતીનું દિવ્ય આયોજન

દામનગર, (વિનુભાઈ જયપાલ) જય જય શ્રી રામના નાદ સાથે અયોધ્યાની પાવન ભૂમિ ઉપર તા.૨૨-૦૧-'૨૪ ને સોમવારે શ્રી મર્યાદા પુરુષોત્તમ રામ ભગવાનની દેદીપ્યમાન 'મૂર્તિ' ( નવ નિર્મિત મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી ને અનુલક્ષીને દામનગર શહેરની મધ્યમાં આવેલ અંદાજે ૩૫૦ વર્ષ પ્રાચીન 'શ્રી રામજી મંદિર'માં સવારમાં ૯ કલાકે 'મહા અભિષેક'અને બપોરના ૧૨.૨૨ કલાકે 'મહા આરતી'નું દિવ્ય આયોજન કરવામાં આવેલ હોય, સમગ્ર દામનગર શહેરમાં ઉત્સાહના વાતાવરણ સાથે શ્રી રામ ભક્તોએ મંદિરમાં અને વિવિધ બજારોને સુશોભિત કર્યું છે. આ અવસરને ઉજવવા માટે તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. શ્રી રામ ભક્તોના કંઠેથી જય જય શ્રી રામના નાદના ઉચ્ચારણો થઈ રહ્યા છે,

સાથે આ ભવ્ય અવસરને સફળ બનાવવા માટે સાથ - સહકાર મળી રહ્યો છે

# તરવડા ગુરૂકુળમાં માનવ સાંકળથી રામ મંદિર અને ધનુષ્ય રચતા વિદ્યાર્થીઓ

સેંકડો વર્ષોના ભક્તિભર્યા સંઘર્ષને અંતે સનાતન ધર્મની મહાન તીર્થભૂમિ અયોધ્યામાં ભગવાન શ્રીરામ લલાના જન્મસ્થાન ઉપર ભવ્ય શ્રીરામ મંદિરનું નિર્માણ તથા દિવ્ય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ આગામી *૨૨ જાન્યુઆરી ૨૦૨૪* , *સોમવારના* રોજ તીર્થભૂમિ અયોધ્યા ખાતે યોજાશે ત્યારે આ મંગલ ઘડીને વધાવવા અમરેલી પાસે સ્થિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ તરવડાના *૧૦૦૮* વિદ્યાર્થીઓ દ્વારા માનવ સાંકળથી શ્રી રામ મંદિર અને ધનુષ્ય રચી તેમાં 'શ્રીરામ' અક્ષરલેખન કરાયું. આમ આજે ગુરુકુલના વિદ્યાર્થીઓમાં પણ રામ ભક્તિનો અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.



### રાજુલા વિશ્વ હિન્દુ પરિષદ તેમજ બજરંગ દળ સહિતની સંસ્થાઓ દ્વારા

# રાજુલા સંપૂર્ણ બન્યું રામમય : શહેરમાં વિવિધ જગ્યાએ વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન

## રાજુલા શહેરમાં પોલીસ સ્ટેશનની નજીક છબીલા હનુમાન ખાતે હનુમાન ચાલીસા નું ભવ્ય આયોજન




રાજુલા,(કનુભાઈ વરૂ)

રાજુલા શહેરમાં વિવિધ જગ્યાએ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં રાજુલા જીવા બાપુ ચોકમાં નાના નાના બાળકો દ્વારા હનુમાન ચાલીસા યોજાયા તેમજ રાજુલા શહેરમાં પોલીસ સ્ટેશનની નજીક છબીલા હનુમાન ખાતે હનુમાન ચાલીસા નું ભવ્ય આયોજન કરવામાં આવેલ આ બંને જગ્યાએ હનુમાન ચાલીસા માં શહેરના વિવિધ વ્યાપારીઓ અગ્રણીઓ વિવિધ સંસ્થાના આગેવાનો તેમજ રાજકીય કાર્યકરો તેમજ સંપૂર્ણ રાજુલા શહેરના નગરજનો આ હનુમાન ચાલીસા માં હાજરી આપી ત્યારે સાથે સાથે રાજુલા શહેરના વિવિધ મંદિરોના પૂજારીઓ અને સંતોએ પણ હાજરી આપી હનુમાન ચાલીસા ને અંતમાં આરતીનું કાર્યક્રમ પણ કરવામાં આવેલો અને ત્યારબાદ પ્રસાદ વેચવામાં આવેલ તેમજ રાજસુત્સવ તેમજ શોભાયાત્રા જેવા વિવિધ કાર્યક્રમો સાથે શોભાયાત્રા બાદ મહા આરતી નું આયોજન પણ કરવામાં આવેલ છે ત્યારે રાજુલા શહેર આવતીકાલે તારીખ ૨૨.૦૨.૨૦૨૪ના રોજ સંપૂર્ણપણે બંધ રહેશે રાજુલા શહેરમાં આ અયોધ્યાનો પ્રસંગ જ્યારે હોય ત્યારે રાજુલા શહેરમાં ભવ્ય અને ભવ્ય રીતે કાર્યક્રમોનું આયોજન થાય તે માટે રાજુલા વિશ્વ હિન્દુ પરિષદ તેમજ બજરંગ દળ સહિતની સંસ્થાઓ ભારે જહેમત ઉઠાવી રહી છે.

### આખા ગામને દીવડાથી શણગારાયું

# રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા માટે ધારીના હુડલી ગામમાં ઉમંગ

## ધુમાડા બંધ જમણવાર આજે ભવ્ય રથયાત્રા અને શોભાયાત્રાનું આયોજન




હુડલી,

ધારી તાલુકાના ગીર કાંઠાના નાનકડા ગામ વુડલી ખાતે ગામ સમસ્ત દ્વારા ગામના રામજી મંદિર અને હનુમાન મંદિર સહિત સમગ્ર ગામને બે દિવસથી શણગારવામાં આવ્યું છે અને આજે ૨૨ ના સવારના ૯:૩૦ વાગ્યે ભવ્ય શોભાયાત્રા અને ત્યારબાદ ધુમાડા બંધ મહાપ્રસાદ નું આયોજન કરવામાં આવ્યું છે સાથે સાથે ગ્રામ સફાઈ પણ કરાય છે કાર્યક્રમ માટે સરપંચ નાનજીભાઈ પૂર્વ સરપંચ ગીરધરભાઈ છભાયા અરવિંદભાઈ સાવલિયા દિનેશભાઈ ઘેલાણી અનાભાઈ માળવીયા જગદીશભાઈ છભાયા પ્રાથમિક શાળા પરિવાર અને ભોજન પ્રસાદ ના દાતા નાનાલાલ છભાયા એ અનુદાન આપ્યું છે

### બગસરાની ધર્મ પ્રેમી જનતા દ્વારા

# તા ૨૨ જાન્યુઆરીના રોજ બગસરાના મંદિરોમા ધાર્મિક કાર્યકામો યોજાશે

## શ્રીસમસ્ત બ્રહ્મસમાજની વાડીએ શ્રી રામયજ્ઞનું આયોજન

બગસરા,(રૂપેશ રૂપારેલીયા)

શ્રીઆયોધ્યા ધામમા સમગ્ર માનવજાતના આદર્શ પુરૂષ મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામચંદ્રજીનું નવ્ય ભવ્ય દિવ્ય મંદિરમાં તા ૨૨/૧ સોમવારના રોજ અભિજીત નક્ષત્રમાં પાંચસો વર્ષથી છાવણીમા વનવાસ વ્યવીત કરતા શ્રીરાજા રામ પોતાની જન્મભૂમિ વાળા મહેલમાં પધારી રહ્યાછે ત્યારે બગસરાની ધર્મ પ્રેમી જનતા દ્વારા બગસરા શહેરના ધાર્મિક કાર્યકામો યોજી રહ્યાછે જેમાં તા ૨૨ના રોજ શહેરમાં પ્રભાત ફેરી કરવામાં આવશે જે શહેરના મુખ્યમાર્ગો પરથી પસાર થશે તેમજ સવારે શ્રીસમસ્ત બ્રહ્મસમાજની વાડીએ શ્રીરામયજ્ઞ નું આયોજન કરવામાં આવેલછે તેમજ શ્રીસિદ્ધનાથ મહાદેવ મંદિરે શ્રી ગાયત્રી પંચકુંડી હોમાત્મક યજ્ઞનુ આયોજન થયેલછે તેમજ બગસરાના આપાગીગા ગાદી મંદિરે શ્રી રામચરિત માનસના ઉતરકાંડના પાઠનું આયોજન કરવામાં આવેલછે અમરપરા વિસ્તારમાં આંખની હોસ્પિટલ પાછળ સુંદરકાંડના પાઠનું આયોજન પણ બગસરાની ધર્મપ્રેમી જનતાએ કરેલછે

બાલમુકુંદ જ્વેલર્સ
આજનો ૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૫૪,૪૯૦/- (૧૦ ગ્રામ)
અમરેલી
વધુ માહિતી માટે - ૬૩૫૨૪ ૩૧૩૬૬

LG
5 વધારાના ફાયદા સાથે સૌથી સસ્તાની ગેરંટી*
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી. મો. 99 74 77 23 77
*Conditions apply

સૌરાષ્ટ્ર-કચ્છમાં ડબલ વાયર પદ્ધતિ દ્વારા વાંકા-ચુંકા દાંતની સારવારનાં નિષ્ણાંત
અમરેલી જિલ્લાનાં એકમાત્ર M.D.S.
ડૉ. દેવાંગ બી. પંડયા
B.D.S., M.D.S.(Orthodontics) Double-Slot System (Brazil)
દાંત, મોં તથા જડબાને લગતાં તમામ રોગોની સારવાર માટેની એકમાત્ર હોસ્પિટલ
આધુનિક મશીનરી ધરાવતી અમરેલી જિલ્લાની એકમાત્ર હોસ્પિટલ...
Align દાંતની હોસ્પિટલ
સમય : સવારે ૯ થી ૧, સાંજે ૪ થી ૮ મો. ૭૭૭૭૯ ૧૧૦૦૭
સ્થળ : સફારી પ્લાઝા કોમ્પલેક્ષ, બીજો માળ, ભગવતી ચોક, નિલકંઠ જવેલર્સ સામે, અમરેલી.
દર મહિનાનાં બીજા તથા ચોથા બુધવારે રાધિકા હોસ્પિટલ ખાતે બપોરે ૩ થી ૫ મળશે

☎ 94281 90118
॥ ૐ નમોઃ નારાયણ પ્રભુ ॥
ગમે તેવી ઠંડીમાં પણ થશે ગરમીનો અહેસાસ
વિન્ટર કલેક્શન
એક-એકથી ચડીયાતા
વિન્ટર કલેકશનની અવનવિ વેરાયટી
વિન્ટર ટી-શર્ટ, વુડી, જેકેટ, ફેન્સીકોટ, હાથ મોજા, ટોપી તેમજ મફલર અને ઘણું બધું...
એક જ ભાવ
ફોર્મલવેર સ્પેશ્યાલીસ્ટ
લગ્ન સિઝનને અનુરૂપ પાર્ટીવેર કલેકશન
M to 5XL સુધી બધુંજ
ઉમિયા ફેશન (નાના આંકડીયાવાળા)
સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી.

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI HONDA TOYOTA Ford HYUNDAI
CAR SERVICE ▪ SPARE ▪ INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com

ડો. ભગીરથ બી. વાળા
B.D.S. (ડેન્ટલ સર્જન)
PGDCC (કોસ્મેટીક)
FAD (એસ્થેટીક)
+91 84600 38303
અર્થ દાંતની હોસ્પિટલ
કોસ્મેટીક & ઈમ્પ્લાન્ટ સેન્ટર
જડબામાં સ્ક્રૂ વડે ફિક્સ દાંત / ચોકઠાના નિષ્ણાંત
ઉપલબ્ધ સારવાર :
- સડી ગયેલ દાંતને બચાવવાની સારવાર.
- દાંતને વધુ સડતો અટકાવવાં દાંતના કલરનું ફીલીંગ.
- દાંતમાંથી નીકળતા લોહી, મોઢાની દુર્ગંધ તેમજ પાન-મસાલાનાં દાગને દુર કરવા માટે દાંતની સફાઈ.
- પાણીનાં દાગ તેમજ પીળા પડી ગયેલ દાંત માટે બ્લીચીંગ.
- દાંતની બત્રીસી (બધા જ દાંતનું ચોકઠું)
- દાંત પર લગાવાતું કવર-કેપ (મેટલ તેમજ સીરામીક)
- દુઃખાવા વગર દાંત કાઢવાની સુવિધા.
- નાના બાળકોના તમામ દાંત અને પેઢા
- ઓછા ખુલતા મોઢાની સારવાર.
- પેઢાની સર્જરી.
પહેલો માળ, રાજકમલ ચોક, ઠાકરથાળ સામે, અમરેલી.

ગુલાબી ઠંડીના માહોલમાં વાનગીઓ બનશે ચકાચક...
સોમનાથ બેસનનું નવુ નજરાણુ
''સોમનાથ બ્રાન્ડ બેસન''
વણેલા ગાંઠીયા, ફાફડા તેમજ ખમણ માટે સ્પેશ્યલ
તેમજ અમૂલ બેસન
મારૂતિ બેસન
અવધ સ્પે. કરકરો
અમૂલ સ્પે. કરકરો
દરેક રીટેલર તથા હોલસેલર પાસે ઉપલબ્ધ
અમુલ બેસન તેમજ અમુલ કરકરો ૫૦૦ ગ્રામ તથા ૧ કિલો પેકીંગમાં ઉપલબ્ધ
સોમનાથ બેસન ઇન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં.૮૨-૧, જી.આઇ.ડી.સી. અમરેલી
ફોન : ૨૪૦૧૧૧ / ૨૪૦૪૧૧ મો.૯૮૨૪૨ ૩૦૫૧૫

રજી.સે.શ.૩૬૭૫૨ ॥ સત્યમેવ જયતે ॥ ઓડીટ વર્ગ 'અ'
અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.
ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯
દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ
૫૦ હજારની એફડી ઉપર ભેટ મેળવો

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | મંથલી બચત (૧૨ માસ) | |

આકર્ષક વ્યાજદરો
સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા
■ દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
■ દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
■ દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
■ ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)
વિશ્વાસ તમારો અને મહેનત અમારી
અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.
• બાયપાસ બ્રાન્ચ • સિલ્વર શાઈન કોમ્પલેકસ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.
• બાબરા બ્રાન્ચ • સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯
• ધારી બ્રાન્ચ • રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯

શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ..
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઈક નવું...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો
નંબર પ્લેટ + PUC
સોનપાલ ઓટો એડવાઈઝર્સ
◆◆◆◆ RTO એડવાઈઝર્સ ◆◆◆◆
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ નામ ટ્રાન્સફર + પાસીંગ
ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ + PUC
પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫

સ્પે. કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન
કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ
પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફલાઇટ બુકિંગ • વિઝા
મિથ્સ હોલીડેઝ
૭૫, ગ્રાઉન્ડ ફલોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી

## સોળે શણગાર સર્જતું સાવરકુંડલા : આરતી નો હજારો રામભક્ત ભાઈ બહેનોએ લહાવો લીધો

# ૨૧ હજાર દિવડાથી સાવરકુંડલા ઝળહળી ઉઠ્યું

**સાવરકુંડલા શહેરમાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની સ્વયંભુ અનેરી રામ ભક્તિ લોકોમાં દેખાઇ : જય શ્રી રામ અને અયોધ્યા મંદિરની આબેહૂબ પ્રતિકૃતિ શણગારવામાં આવી : ધારાસભ્ય મહેશભાઈ કસવાળા એ ખાસ ઉપસ્થિત રહી આરતી નો લાભ લીધો : પોલીસે સજ્જડ બંદોબસ્ત ગોઠવ્યો**










સાવરકુંડલા,(સૌરભ દોશી) સાવરકુંડલા શહેરમાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ની અનેરી રામ ભક્તિ સ્વયંભુ લોકોમાં દેખાય આવે છે આજે સાવરકુંડલા શહેરના રિદ્ધિ સિદ્ધિ ચોક મંદિરની સામે નાવલી નદીના પટમાં ૨૧ હજાર દીવડા થી મહાદેવ.. જય શ્રી રામ અને અયોધ્યા મંદિરની આબેહૂબ પ્રતિકૃતિ શણગારવામાં આવી હતી આ ઉપરાંત સાવરકુંડલા શહેરના મણીભાઈ રિદ્ધિ સિદ્ધિ ચોક મહુવા રોડ નદી બજાર દેવડા ગેઈટ સહિતના સમગ્ર શહેરને અદભુત લાઈટિંગ થી શણગારવામાં આવ્યું છે રિદ્ધિ સિદ્ધિ ચોકમાં આજે ૨૧ હજાર દેવડા ની આરતી નો હજારો રામભક્ત ભાઈ બહેનોએ લહાવો લીધો હતો અને મહા આરતી ઉતારવામાં આવી હતી જેમાં સાવરકુંડલા હિન્દુ સંગઠનની વિવિધ સંસ્થાઓના ભાઈ બહેનોએ ખાસ જહેમત ઉઠાવી હતી તેમજ શહેરના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા એ ખાસ ઉપસ્થિત રહી આરતી નો લાભ લીધો હતો શહેરમાં ટ્રાફિક વ્યવસ્થા જાળવવા માટે ડીવાયએસપી હરેશ વોરા ના માર્ગદર્શન નીચે પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો


**શ્યામ આંખની હોસ્પિટલ**

**ડો. કપિલ બી. વરૂ (M.S.)**
(આંખના સર્જન)
મોતીયા, ઝામર તથા પડદાના રોગના નિષ્ણાંત

૨૫૦૦૦ થી વધારે મોતીયા, ઝામર, વેલ તથા બાળકોના મોતીયાના ઓપરેશનના અનુભવી

**અહીં ઉપલબ્ધ સારવાર :**

- અતિ આધુનિક ફેકો મશીન પધ્ધતિથી ઇન્જેકશન, ટાંકા તેમજ પટ્ટી વગર મોતિયાના ઓપરેશન
- ઓપરેશન પછી ફક્ત ૧૦ મીનીટમાં રજા તમામ પ્રકારના જટિલ મોતીયા તથા બાળકોના મોતિયાના ઓપરેશન
- તમામ પ્રકારના મોનોફોકલ, મલ્ટિફોકલ, ટોરિક જેવા પ્રિમિયમ નેત્રમણી (LENS) સાથેના ઓપરેશન
- વેલનું અતિ આધુનિક રીતે પ્લાસ્ટીક સર્જરી દ્વારા ટાંકા વગરનું ઓપરેશન
- અદ્યતન મશીન દ્વારા આંખના નંબરની તપાસ તથા પાંપણના ઓપરેશન
- કીકીને લગતા તમામ રોગોની સારવાર, ઝામર તેમજ ઝામર સાથે મોતિયાના ઓપરેશન
- ડાયાબિટીસ તેમજ બી.પી.ના દર્દીઓને આંખના પડદામાં થતા નુકશાનની સચોટ તપાસ તેમજ સારવાર
- ઇમ્પોટેર્ડ લેસર મશીનથી છારી ઉતારવાની સુવિધા

-: સ્થળ :-

-: અમરેલી :-
સફારી પ્લાઝા, બીજો માળ, એન્જલ સિનેમા સામે, માણેકપરા, હોસ્પિટલ મો.૮૭૫૮૫ ૩૫૦૦૦

-: રાજુલા :-
શિવશક્તિ શોપિંગ સેન્ટર, બેંક ઓફ બરોડાની બાજુમાં, કોહીનુર હોટલની સામે, જાફરાબાદ રોડ, હોસ્પિટલ મો.૭૪૩૪૮ ૦૮૦૦૦


# બગસરા શ્રી સમસ્ત વાંઝા જ્ઞાતિ સમાજને મેડિકલ સાધનો અર્પણ કરશે

## ભગવાન શ્રીરામચંદ્ર ભગવાની મહા આરતી થશે : શ્રી ડોડીયા

બગસરા,(રૂપેશ રૂપારેલીયા) અયોધ્યામાં ભગવાન શ્રીરામલ્લાની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા તા.૨૨ના રોજ થવા જઈ રહીછે ત્યારે બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીના ચેરમેન શ્રીરશ્વિનભાઈ ડોડીયાના હસ્તે મર્યાદા પુરુષોત્તમ ભગવાનશ્રીરામચંદ્રજીનુંવિધિવતપૂજન તેમજ આરતી કરવામાં આવશે આ અમૂલ્ય પ્રસંગે મેડિકલ સાધનોના સહયોગી સ્વ.મુક્તાબેન ગૌરીશંકર જોશી તેમજ સ્વ.હરેશભાઈ ગૌરીશંકર જોશી હ.ભરતભાઈ તેમજ સંજયભાઈ જોશીના સહયોગથી પૂ.શ્રીરતીદાદા ગોર ગાયત્રી પરિવાર ચલાલા તેમજ પૂ.શ્રીવિવેકસ્વરૂપસ્વામીસ્વામિનારાયણ મંદિરના હસ્તે બગસરા શ્રીસમસ્ત વાંઝાજ્ઞાતિ સમાજને મેડિકલ સાધનો અર્પણ કરશે


**સોનાની લગડી જેવા અતિ મોકાના પ્લોટ વેચવાના છે**

અમરેલીના હદયસમા એવા ચિતલ રોડ ટચ ઉગમણા બારનાં મેઇન રોડથી તદ્દન નજીક અતિ મોકાના પ્લોટ વેચવાના છે

માત્ર જુજ પ્લોટ જ બાકી હોય,
વહેલા તે પહેલાના ધોરણે સંપર્ક કરવો

આપની જરૂરીયાત મુજબ મકાન બાંધકામ પણ કરી આપીશું

સબ પ્લોટીંગ અને રજાચિઠી સાથેના રાષ્ટ્રીયકૃત બેંકમાં લોનેબલ

-:: સંપર્ક ::-
હિરેનભાઇ બાબરીયા મો.૯૩૨૮૨ ૮૨૧૨૧
સંજયભાઇ દાફડા મો.૯૯૭૯૨ ૪૧૪૭૨



**... સોનેરી સંબંધો માટે સુવર્ણ ભેટ ...**
999 24K Gold Leaf



Car Stand Wall Decor Frame Table Frame
₹850 થી શરૂ થતી વિશાળ રેંજ

MGA મધુવન ગોલ્ડ આર્ટ
Since : 2000
સોના-ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર

જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી. 02792 - 222208 94264 23006
madhuvan gold art madhuvangold.in



**પ્રધાનમંત્રી કૌશલ્ય કેન્દ્ર**
સ્થળ : ચોથો માળ, નવા બસ સ્ટેન્ડની સામે, સિટી પોઈન્ટ કોમ્પલેક્ષ, ચકાભાઈ ભેળવાળાની ઉપર, અમરેલી. Mo. 94099 29395

વિનામૂલ્યે રોજગારી તથા સ્વાવલંબન મેળવવા માટે પ્રશિક્ષણ મેળવવા ૫ પાસ/૮ પાસ/૧૦ પાસ/૧૨ પાસ તથા સ્નાતક કોઈપણ વ્યક્તિ માટે સુવર્ણ તક...

૧૫ થી ૪૫ વર્ષનાં કોઇપણ વ્યક્તિ આ કોર્ષ કરી શકશે

- ૧૫,૦૦૦ થી ૩૦,૦૦૦ નો કોર્ષ બિલકુલ ફ્રી
- ભારત સરકાર માન્ય સર્ટીડીકેટ
- નોકરીની તક ૨,૦૦,૦૦૦ નો વીમો ૩ વર્ષ માટે બિલકુલ ફ્રી

ફ્રી

| ક્રમ | કોર્ષ |
|---|---|
| ૧. | બ્યુટી પાર્લર |
| ૨. | સિવણ કામ |

ફ્રી

વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ કાર્ય શરૂ છે.
વધુ માહિતી માટે કોલ કરો : Mo. 94099 29395
એડમિશન સમય : સવારે ૧૦ થી સાંજે ૫ સુધી સંસ્થા પર આવીને રૂબરૂ મળવું.
જરૂરી પુરાવા : આધાર કાર્ડની કલર ઝેરોક્ષ-૨, બેંક પાસબુક ઝેરોક્ષ-૧, માર્કશીટ ઝેરોક્ષ-૧, ફોટા-૨

### રવિવારે રાસ ગરબા, વિરપુર અને ભોજલધામમાં ભક્તોને પ્રસાદ વહેંચાયો

# આજે ફતેપુર ભોજલધામમાં રામલલ્લાની મહાઆરતી

**પ્રસાદનાં પેકેટ સમગ્ર ફતેપુર ગામમાં ઘરે ઘરે પહોંચાડવાનું આયોજન : સમગ્ર ફતેપુર ગામનાં લોકો દ્વારા સુંદર રાસગરબાનું આયોજન કરવામાં આવ્યું : અયોધ્યા મંદિરમાં રામલલ્લાને જે ભોગ ધરાવામાં આવશે તે બંને ટાઇમ આજીવન પુ.જલારામ બાપાની જગ્યા વિરપુર તરફથી ધરાવામાં આવશે**

ફતેપુર, (સતિષ રાઠોડ)અયોધ્યામાં રામલલ્લાનાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તા.૨૨-૧નાં ભોજલધામ ફતેપુરમાં બપોરનાં મહાઆરતી યોજાશે. પુ.ભોજલરામ બાપાનાં મંદિરને ધજા, પતાકાથી સુશોભન કરવામાં આવેલ છે. ભોજલધામનાં રામજી મંદિરમાં મહાઆરતી થશે અને શ્રધ્ધાળુઓને પ્રસાદી વહેંચવામાં આવશે. તા.૨૧નાં રાત્રીનાં સમગ્ર ફતેપુર ગામનાં લોકો દ્વારા સુંદર રાસગરબાનું આયોજન કરવામાં આવ્યું હતુ અને રાસગરબા પુર્ણ થયે સમગ્ર ગામને અલ્પાહાર કરવામાં આવેલ તથા પુ.જલારામ બાપાની જગ્યામાંથીઆવેલાપ્રસાદનાંપેકેટ સમગ્રફતેપુર ગામમાંઘરેઘરેપહોંચાડવાનું આયોજન કરવામાં આવેલ છે. અયોધ્યા મંદિરમાં રામલલ્લાને જે ભોગ ધરાવામાં આવશે તે બંને ટાઈમ આજીવન પુ.જલારામ બાપાની જગ્યા વિરપુર તરફથી ધરાવામાં આવશે. જેની મંજુરી શ્રી રામલલ્લા મંદિર કમિટીએ આપી દીધેલ છે. જે ખરેખર સમગ્ર ગુજરાત માટે ગૌરવ લેવા જેવી બાબત છે.






सत्यमेव जयते
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર આવૃતિ






## શ્રી દિલીપ સંઘાણી, સાંસદશ્રી કાછડીયા, નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિક વેકરિયા, શ્રી અશ્વીન સાવલિયા, શ્રી મુકેશ સંઘાણીની ઉપસ્થિતિ

# રામના રંગે અવધ બનતું અમરેલી : વિરાટ રેલી, ધર્મસભા

**જેસીંગપરાના શીવાજી ચોકથી ગામમાં એક કીલોમીટર લાંબી રેલીમાં રામભકતો જોડાયા : રાજમાર્ગો ઉપર વિરાટ રેલીથી અમરેલી શહેર ભગવા રંગે રંગાઇ ગયું**

**શહેરના વિવિધ રાજમાર્ગો ઉપર ફરી સીનીયર સીટીઝન પાર્કમાં ધર્મસભાના સ્વરૂપમાં ફેરવાઇ : આજે રામજી મંદિર સહિત વિવિધ સ્થળોએ મહાઆરતી થશે**







અમરેલી,(ફીલ્ડ રિપોર્ટર) ૨૨મીના અયોધ્યાના કાર્યક્રમની પુર્વ સંધ્યાએ અમરેલી શહેર રામમય બન્યુ છે.

ઈફકોના ચેરમેન શ્રી દિલીપ સંઘાણી, સાંસદશ્રી નારણભાઈ કાછડીયા, નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિક વેકરિયા, અમર ડેરીના ચેરમેન શ્રી અશ્વીન સાવલિયા, સારહી યુથ કલબના સ્થાપક અને સારહી તપોવાન આશ્રમના ફાઉન્ડર શ્રી મુકેશ સંઘાણી, શ્રી મનીષ સંઘાણી સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં વિરાટ બાઈક રેલી, ધર્મસભા યોજાઈ હતી

રામના રંગે રંગાયેલા અમરેલીના જેસીંગપરાના શીવાજી ચોકથી ગામમાં એક કીલોમીટર લાંબી રેલીમાં રામભકતો જોડાયા હતા રાજમાર્ગો ઉપર વિરાટ રેલીથી અમરેલી શહેર ભગવા રંગે રંગાઈ ગયું હતુ શહેરના વિવિધ રાજમાર્ગો ઉપર ફરી સીનીયર સીટીઝન પાર્કમાં ધર્મસભાના સ્વરૂપમાં ફેરવાઈ હતી અને આજે રામજી મંદિર સહિત વિવિધ સ્થળોએ મહાઆરતી થશે.

## અમરેલીના ડીજી મહેતાએ પોતાના ઘરે રામ મંદિરનું નિર્માણ કર્યુ



અમરેલી, અમરેલીના સેવાભાવી શ્રી ડીજી મહેતાએ રામ મંદિર પ્રતિષ્ઠા અનુલક્ષી પોતાના ઘેર રામ મંદિરનું નિર્માણ કરી આખા ઘરને શણગાર્યુ છે.

# અમરેલીમાં 'નો ડ્રગ્સ કેમ્પેઇન' નું આગમન

અમરેલી,(ફીલ્ડ રિપોર્ટર) ભારત આજે વિશ્વનું સૌથી સમૃદ્ધ યુવાધન ધરાવતો દેશ છે. પરંતુ દેશના મોટા ભાગના રાજ્યોમાં ડ્રગ્સ નું દૂષણ યુવાપેઢીનો નાશ કરી રહી છે, હાલમાં ગુજરાતમાં પણ ડ્રગ્સ નાં દુષણનો પગપેસારો થઈ રહ્યો છે માટે આ યુવાપેઢી ને ડ્રગ્સ નાં પ્રભાવથી દૂર રાખવા માટે ઈન્વિન્સીબલ એન.જી.ઓ. દ્વારા આયોજિત શૅં ઘઈૅંપ્જી ભ્હછસૅંછૈંપ્શ અંતર્ગત ૨૫ યુવાઓની ટીમ ૧૭ જાન્યુઆરીથી ૨૬ જાન્યુઆરી દરમ્યાન ૧૧૦૦ કિલોમીટર સાયકલ અને બાઈક રાઈડ કરી રહી છે. આ ડ્રગ્સ જાગૃતતા અભિયાન માટે ઈન્વિન્સીબલ એન.જી.ઓ. ટીમ ગુજરાતના ૧૨ મુખ્ય શહેરોમાં ૮૦થી વધુ શાળાઓ અને કોલેજોમાં ૭૫,૦૦૦૦થી વધુ યુવાનોને ડ્રગસની નકારાત્મક અસરો વિશે માહિતગાર કરશે.

ઈન્વિન્સિબલ એનજીઓ ટીમ ૨૧ જાન્યુઆરીનાં રોજ અમરેલી પહોંચી હતી. શૅં ઘઈૅંપ્જી ભ્હછસૅંછૈંપ્શ ની ટીમ દ્વારા ગજેરા વિદ્યાસભામાં ઈન્વિન્સિબલ એન.જી.ઓ. ના સ્થાપક ષિરાજ મોરી અને તેઓની ટીમે મુલાકાત લઈ વિદ્યાર્થીઓને ડ્રગ્સ મુક્ત ભારત બનાવવા માટે પ્રતિજ્ઞા લેવડાવી હતી અને આ અભિયાન માં જોડાવા આહવાન કર્યું હતું. ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ માનવ હરોળ માં શૅં ઘઈૅંપ્જી લખી સમગ્ર યુવાઓને પ્રેરણા આપી હતી તથા ડો કલમ ઈનીવેટીવ સ્કૂલ, ઓકસફોર્ડ સ્કૂલ, ચિત્તલ સ્વામિનારાયણ ગુરુકુળનાં વિદ્યાર્થીઓએ પણ પ્રતિજ્ઞા લીધી હતી.

આ કાર્યક્રમ દરમ્યાન સાયકલ તથા બાઈક રાઈડરો દ્વારા રેલી કરી અમરેલી ની જનતા ને ડ્રગ જાગૃતતા માટે સજાગ બનાવ્યા હતા આ દરમ્યાન અમરેલી નાં આગેવાનોએ નાયક દંડક શ્રી કૌશિભાઈ, સાંસદ શ્રી





નારાયણભાઈ કાછડીયા, ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, ધારા સભ્ય શ્રી જનકભાઈ, ડો નીતિન ત્રિવેદી,ડો નરેન્દ્ર સોજીત્રા, અનંતભાઈ ભટ્ટ, ધ્યેય પંડ્યા, કેવલ મહેતા, અનવરભાઈ એ હાજરી આપી હતી. ઈન્વિન્સિબલ એનજીઓ ટીમ ૨૨ જાન્યુઆરીએ ભાવનગર તથા ૨૩-૨૪ જાન્યુઆરીએ સુરતમાં અલગ અલગ સ્કૂલોમાં મૂલાકાત લેશે તથા આગામી દિવસોમાં ટીમ ભરુચ તથા વડોદરાની સ્કૂલો આવરી ૨૬ જાન્યુઆરીએ અમદાવાદમાં અભિયાનની પૂર્ણાહૂતી કરશે.